

# સનાતન સારથિ ગુજરાતી

સપ્ટેમ્બર-૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટ્ટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦

# રાજ્ય પ્રમુખશ્રીનો સંદેશ

સુજ્ઞ વાચકશ્રી, સાઇરામ,

આપની પાસે સનાતન સારથિનો આ અંક આવશે ત્યારે આપણા સનાતન સારથિના નવીન સંસ્કરણ ને એક વર્ષ પૂર્ણ થશે. આ અવસરે સનાતન સારથિના ભાષાંતરકારો, ટાઇપીંગ કરનાર, પ્રકાશન અને સંપાદકશ્રી તથા તેમની ટીમ ના પ્રત્યેક સભ્યશ્રીઓનો હું હૃદય પૂર્વક આભાર માનું છું.

આપણે સૌ સાઇભક્ત તરીકે જાણીએ છએ કે ભગવાન શ્રી સત્ય સાઇબાબાએ પણ તેઓના પોતાના દર્શન, સ્પર્શન અને સંભાષણ દ્વારા આપણને જીવનનો અમુલ્ય લ્હાવો આપીને કૃતાર્થ કરેલા છે. તેમજ એમણે આપેલા ઉપદેશ, આદેશ અને માર્ગદર્શનને જીવનમાં ઉતારવા માટે ખૂબ ભાર મુકેલ છે.

ભગવાન બાબાના આ આદેશની પૂર્તિ કરવા માટે આપણા માટે જરૂરી છે કે આપણે સૌ સાઇ સાહિત્યનું વાંચન, મનન કરીને જીવનમાં અનુકરણ કરવા માટે તત્પર રહીએ. સનાતન સારથિ ગુજરાતીમાં આપણને સૌને ઉપલબ્ધ કરાવનાર આપણી આ ટીમ ખરેખર અભિનંદન ને પાત્ર છે. ભગવાન બાબાની દિવ્ય કૃપા અને અનુકંપા સર્વે પર ઉતરે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને અનેક વર્ષો સુધી આપણે આ લ્હાવો લેતા રહીએ અને ભગવાન બાબાના સાચા અર્થમાં ભક્ત બનીએ એવી તેઓશ્રીના ચરણ કમળમાં મારી વિનમ્ર પ્રાર્થના.

સનાતન સારથિ આપણા જીવનનો અવિભાજ્ય અંગ બનીને સાચે જ તે આપણા જીવનનો સારથિ બની રહે તે માટે આપણે સૌ પ્રયત્ન કરીએ. આપણે આપણા પરિચિત, સગા સંબંધીઓને પણ આ જીવન પથ પર સનાતન સારથિ થકી તેમને સાથી બનાવવા માટે નિમિત્ત બનીએ તે માટે હું આપ સૌને વિનંતી અને આહ્વાન કરૂં છું.

આપણા સૌના સહિયારા પ્રયત્નો થકી આપણે આપણું પોતાનું જીવન સાર્થક કરીએ અને બીજા માટે નિમિત્ત બનીએ એવી સૌને વિનંતી કરું છઉં. સાઇ રામ.

હેમંત ડી. પટેલ (રાજ્ય પ્રમુખ)
શ્રી સ. સા. સે. સંગઠન, ગુજરાત

તંત્રી સ્થાને થી...

સનાતન સારથિ પરિવારના સૌ વાચકગણ... સૌને જય સાઇરામ,

શ્રી સત્ય સાઇ સેવા સંગઠન, ગુજરાત રાજ્યના રાજ્ય પ્રમુખશ્રી હેમંતભાઇ એ પાઠવેલ સંદેશ સુસ્પષ્ટ અને ઉત્સાહ વર્ધનીય છે.

પચ્ચીસ વર્ષોથી વધુ સમય સુધી ડાકોરથી પ્રકાશિત થતા રહેતા આ અંક માટે અવિરત સેવા આપનાર સ્વ. શ્રી ટી. સી. શાહ સાહેબ ના અચાનક સાઇશરણ થવાથી પડેલ ખાલીપાને શ્રી હેમંતભાઇ ની સુઝ, ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા અને નેતૃત્ત્વગુણે, આ અંકના પ્રકાશનની જવાબદારી વડોદરા સંગઠનને સોંપી અને ખાલીપાને ભરી દીધો અને આ અંકના પ્રકાશન માટે ગુજરાતભરમાંથી સેવા આપનાર ભાઇ-બહેનોની ટીમ બનાવી સનાતન સારથિ ની ગાડી, પૂર્વવત પાટે ચઢાવી દીધી. આપ સૌ સાઇભક્તો અને વાચકો તરફથી શ્રી હેમંતભાઇનો ખૂબ ખૂબ આભાર માનું છું અને અભિનંદન પાઠવું છું.

સનાતન સારથિ નો વાચક વર્ગ શતપ્રતિશત છે જ પરંતુ, આપણું કાર્ય માત્ર વાંચન સુધી મર્યાદિત ન રાખતા, સંગઠન સાથે જોડાઇએ, પ્રવૃત્તિઓમાં સક્રિય થઇએ અને શ્રી સત્ય સાઇ અવતારકાર્યમાં સહયોગ આપીએ. માત્ર આપણેજ નહીં આપણા પરિવારને પણ સાથે જોડીએ. સંસ્કાર સિંચનનું કાર્ય બાલવિકાસ વર્ગોમાં થાય છે. સેવા પ્રવૃત્તિઓ યુવાનો અને સૌ કોઇ માટે છે. ટુંકમાં એટલું જ કે સૌ કોઇ માટે આ સંગઠનમાં કાંઇકને કાંઇક કામ છે જ. જોડાવું ન જોડાવું દરેકની મરજી છે. પણ મળેલા દુર્લભ માનવ દેહને સાર્થક કરવાની તક એક વખત સરી ગયા પછી ફરી નહીં મળે.

સંગઠનની પ્રવૃત્તિઓ અને સ્વામીના ઉપદેશો આપણા જ આત્મિક વિકાસ અને કલ્યાણ માટે છે. વધુ શું કહેવું !

સૌને જય સાઇરામ - સતીશ એમ. બોકીલ
(તંત્રી - સનાતન સારથિ ગુજરાતી)

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**

**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**
મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૧ ■ અંક ૩૩૯/૦૯**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦


લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઇન ટ્રાન્સફર માટેની વિગતઃ
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**
**HDFC Bank**
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : **50100368052762**
**IFSC Code : HDFC0004819**
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી

**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઇ આરોહ, એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર,
વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત

**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com

**અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઇ પણ રીતે જવાબદાર નથી.**
**– તંત્રી : સતીશ એમ. બોકીલ**

**સનાતન સારથિ દરમાસની ૨૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**



અદેખાઇના શિકાર તમે ન થાવ, તે માટે સદા સાવચેત રહો. અદેખાઇ, તમારામાં રહેલી તમામ અમુલ્ય બાબતોનો નાશ કરી દે છે. તે તમારા સ્વાસ્થ્યને પાયમાલ કરી દે છે અને તમારા પાચનતંત્રને બગાડે છે. તમારી ઉંઘ પણ હરામ કરી દે છે. તમારી શારીરિક અને માનસિક શક્તિઓનો હ્રાસ કરી દે છે અને તમને એક દીર્ઘકાલિન વિનાશકારી સ્થિતિએ લાવી દે છે.

આથી, બીજાઓના સારાપણાના, જ્યારે પણ વખાણ કરવામાં આવે અને તેમના ગુણોની અને આદર્શોની માનવંદના કરવામાં આવે ત્યારે તમે ખુશ થાવ અને આનંદ વ્યક્ત કરો.

વિશાળ દૃષ્ટિકોણ કેળવો અને માત્ર શુદ્ધ-પવિત્ર ઉદ્દેશોને વિકસાવો.

**-ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

## અનુક્રમણિકા...

| પા.નં. | |
|---|---|
| ૪ | **એક માત્ર લક્ષ્ય છે ભગવાન** અવતાર વાણી |
| ૬ | **ગણપતિ બુદ્ધિ-સિદ્ધિ પ્રદાતા** ભગવાનનો વિનાયક ચતુર્થી સંદેશ |
| ૧૦ | **ભગવાન શ્રી સત્ય સાઈબાબા સાથેના મારા અનુભવો** ડૉ. ગોતેતી સરસ્વતી |
| ૧૨ | **આપણા પૂ. બાબાની મહાનતાની કેટલીક ઝલક/ઝાંખી** દૈવી મહિમાનો ઉત્સવ - એસ. રામાક્રિશ્નન્ |
| ૧૭ | **સાઈ – અમારું એકમાત્ર આશ્રયસ્થાન** ડૉ. જી. એસ. શ્રીરંગરાજન |
| ૨૨ | **દિવ્યતા સંગ મારો મેળાપ અને અનુભવ** દેબાશિષ મુકરજી |
| ૨૭ | **શ્રીકૃષ્ણ રહસ્ય** ભાગવત વાહિની - પ્રકરણ ૧૦ |
| ૩૩ | **પ્રશાંતિ નિલયમ ખાતે ગુરૂપૂર્ણિમા** |

Official Websites:
1 Sri Sathya Sai Sadhna Trust (Publication Division): https://www.srisathyasaipublications.com
2 Sri Sathya Sai Sai Seva Organisations, India: https://www.ssssoindia.org
3 Sri Sathya Sai Sai Seva Organisations, Gujarat: https://www.ssssogu.org
4 Sri Sathya Sai Balvikas: https://www.sssbalvikas.in

### અવતાર વાણી

# એક માત્ર લક્ષ્ય છે ભગવાન

## પ્રભુ અને તેમના પ્રેમમાં શ્રદ્ધા વિકસાવો

જો તમે ભક્તિ-માર્ગે આગળ ધપવા માંગતા હોવ તો સૌથી પહેલાં તમારે તમારા દોષો જાણી લેવા જરૂરી છે.

**તમને બદલવાની શક્તિ ભગવાનમાં છે.**

સારું અને નરસું-બધું જ ભગવાનને સમર્પિત કરી દો. પ્રભુ પ્રત્યેની ભક્તિથી તમે પ્રભુ-કૃપા પ્રાપ્ત કરશો ત્યારે તમારામાં જે કંઈ ખરાબ છે તેને પ્રભુ સારામાં પરિવર્તિત કરી દેશે. ઉદાહરણ તરીકે, તમારી ૧૦૦ રૂપિયાની ફાટેલી નોટ કોઈ સ્વીકારશે નહીં, પણ જો તે તમે રિઝર્વ બેંકમાં લઈને જશો તો ત્યાં, તે બદલીને નવી નોટ આપશે. ભગવાન રિઝર્વ બેંકના ડિરેક્ટર જેવા છે; તમારામાંની બધી ખરાબ વસ્તુઓને તેઓ સારામાં બદલી કાઢશે. ભગવાનને પ્રાર્થના કરો અને કહો, "ઓ ભગવાન, આપના દ્વારા મને બક્ષિસ કરાયેલું મારું હૃદય હું આપને અર્પણ કરું છું; તેને શુદ્ધ કરો અને તેમાંની ખામીઓ દૂર કરો; મારામાં છે તે પ્રેમ આપના દ્વારા અપાયેલો છે; તે પ્રેમ આપને પુન: અર્પણ કરું છું." સઘળી વસ્તુ ભગવાનને અર્પણ કરવી એ ભક્તિ અને શરણાગતિ છે, ભગવાનની રચેલી, સૃષ્ટિ સારા-નરસાનો સમન્વય છે, પરંતુ સારી વસ્તુ જ રાખવાની વિવેકશક્તિ મનુષ્યમાં હોવી જોઈએ. અનિષ્ટના અસ્તિત્વને કારણે જ ઈષ્ટ (સારા)ની કિંમત છે. રાત્રિ વિના દિવસ હોઈ શકે નહીં અને ગરમી વિના વાતાનુકૂલન હોઈ શકે નહીં. કડવી છાલવાળા અને અંદરથી મધુર રસ ધરાવતા સંતરાનો-નારંગીનો દાખલો લો. કડવી છાલ નહીં ખાઈ શકાય એટલે મધુર રસની મઝા માણવા તે છાલ કાઢી નાંખવી જરૂરી છે. આપણે બાળકનો જન્મ દિવસ ઉજવીએ છીએ ત્યારે આપણે ખુશ-ખુશાલ હોઈએ છીએ પરંતુ તે બાળકની જીવાદોરી એક વર્ષથી ઓછી થઈ છે તે સમજતાં નથી. તેથી, શરૂઆતમાં આનંદ અને અંતમાં દુ:ખ હોય છે. આનંદ અને દુ:ખ, ખરાબ અને સારું એ બન્ને અર્પણ કરવું એ ભક્તિ છે. આપણે જાણવાનું છે કે દુ:ખ એ પણ ભગવાનની બક્ષિસ છે. આનંદ અને દુ:ખ બન્નેમાં ભગવાનની ઉપસ્થિતિ છે એ જોવું એ ભક્તિની નિશાની છે.

હાલના દિવસોમાં વિદ્યાર્થીઓ ગીતો-ભજનો-અને સ્વામીના ઉદબોધનોનું રેકોર્ડિંગ કરે છે, પરંતુ જ્યારે ટેપરેકોર્ડરમાંથી કેસેટ કાઢી લો તો તમે ગીતો-ભજનો તથા ઉદબોધનો સાંભળી શકો નહીં. ટેપ સાંભળવા માટે તમારે પ્લગ કે બેટરીને જોડવી પડે. તેવી જ રીતે, તમારે તેમને નિહાળવા અને સાંભળવા માટે એકાગ્રતાથી ભગવાન સાથે અનુસંધાન કરવું પડે કેમ કે તેઓ ચર્મચક્ષુઓથી જોઈ શકાતા નથી. ફક્ત ભક્તિ દ્વારા જ તમે ભગવાનનાં પ્રત્યક્ષ દર્શનનો અનુભવ કરી શકો છો. પ્રાચીન કાળમાં ભક્તો પોતાના અંગઉપાંગો અર્પણ કરીને ભગવાનની પ્રાર્થના કરતા હતા. પરંતુ, આજે ભક્તો ફૂલ લે છે, તેને આંખે કે હૃદયને લગાડે છે અને ફૂલ ભગવાનને અર્પણ કરે છે. તેઓ તેમનાં અંગ-ઉપાંગો-અર્પણ કરવાને બદલે ફૂલ અર્પણ કરે છે, અને તે રીતે, કહે છે કંઈક અને કરે છે કંઈક બીજું જ ! ભક્તે ભગવાનને કહેવું જોઈએ, "હું મારું હૃદય આપને અર્પણ કરું છું. ઓ ભગવાન ! આપ તેને દિવ્યતાથી ભરી દો. તેલુગુમાં કહેવત છે કે જેવી ક્રિયા તેવી પ્રતિક્રિયા. આજે લોકો એક વાત કહે છે અને કરે છે બીજું જ ! તેથી ભગવાન પણ તેવી જ રીતે પ્રતિક્રિયા આપે છે. આ પ્રમાણે, તમારું પોતાનું અનિષ્ટ તમારી પાસે પરત ફરે છે.

**ભગવાન તમારી અભ્યંતર છે એવી દ્રઢ શ્રદ્ધા રાખો.**

"બ્રહ્માર્પણમ્ બ્રહ્મ હવિ:".... ભોજન-પ્રાર્થનામાં આપણે ભગવાનને ભોજન અર્પણ કરીએ છીએ. ત્યારે, ભીતરમાંથી ભગવાન પ્રત્યુત્તર આપે છે, " ઓ મૂર્ખ માનવ, તું ભગવાનને ભોજન અર્પણ કરે છે, પણ ભગવાન ક્યાં છે તે તું જાણે છે ખરો ? હું તારી ભીતર જ છું; હું નિસ્વાર્થભાવે ચારે પ્રકારના ભોજનને પચાવીને શરીરના તમામ ભાગોમાં મોકલી આપું છું. તમને મળે છે તેવું પોષણ મને મળતું નથી." તેથી, ભગવાન સંપૂર્ણતયા નિસ્વાર્થ અને પાવન પ્રેમથી ભરપૂર છે. પરંતુ, સ્વાર્થી મનુષ્ય આ બાબત સમજી શકે તેમ નથી. ઊલટું તે તો ભગવાનને દોષ દે છે. શરીરને

કાર્યરત રાખનારાં ચેતન તરીકે સર્વેમાં રહેલા ભગવાન ઉપર જ પ્રત્યેક વ્યક્તિ નિર્ભર હોય છે. તમારી અંદર રહેલું આ ચેતન જ તમને જોવા, કાર્ય કરવા, હલનચલન, વગેરે કરવા સમર્થ બનાવે છે. શરીરના અંગ ઉપાંગો સ્વયં જડ છે-આ આત્મા-ચેતન-છે જે તે બધાંને કાર્ય કરવા સમર્થ બનાવે છે. તમારી અંદર પ્રેમ સ્વરૂપે ભગવાન બિરાજમાન છે એવી દ્રઢ શ્રદ્ધા કેળવો. ભગવાન પ્રત્યેની ભક્તિ હોવી એટલું જ મનુષ્ય માટે પર્યાપ્ત છે. પરંતુ, આજે વ્યક્તિ, દુન્યવી આસક્તિમાં ગળાડૂબ થઈ ગયો છે. તેની પાસે શ્રદ્ધા ત્યારે જ હશે જ્યારે તે પ્રેમપૂર્વક તેનું મન ભગવાન ઉપર કેન્દ્રિત કરશે. તેથી, તમારા પ્રશ્નોનું નિરાકરણ લાવવા અને તમારાં જીવનની દારુણ કંગાલિયતનો અંત આણવા, ભગવાનમાં અને તેમના પ્રેમમાં શ્રદ્ધા વિકસાવો.

**<u>ભગવાન તમારાં જીવનનું મૂળ સ્રોત અને લક્ષ્ય છે.</u>**

મનુષ્યના જીવનમાં ચાર તબક્કાઓ છે: બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ. દરેક તબક્કામાં ફરજો અને જવાબદારીઓ હોવાની વાત છે, પરંતુ, માનવી આજે તેનાં જીવનના ચોક્કસ તબક્કાએ જરૂરી ફરજોને ભૂલીને તમામ તબક્કાઓને ભેગાં કરી દે છે. જીવનનો તબક્કો ગમે તે હોય, પણ મનુષ્યે તેની ફરજો ખંતપૂર્વક અદા કરવી જોઈએ. જો તે તેમ કરશે તો તેને અન્ય કોઈ તપશ્ચર્યા કરવાની જરૂર નથી. તેથી, કદી તમારી ફરજને ભૂલશો નહીં અને તમારાં તમામ કાર્યો પ્રભુને અર્પણ કરો. માનવીનું જીવન ઘડપણ, રોગ અને મોત જેવી દારુણ કંગાલિયતથી ભર્યું પડ્યું છે. ગમે તે તબક્કામાં મનુષ્ય હોય, પણ તેણે ભગવાનને ભૂલવાના નથી. માત્ર ભગવાનની ભક્તિ જ તેને મોક્ષ પ્રતિ દોરી જશે. દુનિયામાં આસક્તિ તેના દુઃખમાં ઉમેરો કરશે. જન્મકાલે મનુષ્ય પાસે કશું હોતું નથી, તેના શરીર ઉપર કપડાં પણ હોતા નથી. તેના કુટુંબના સદસ્યો અને સંબંધો તેની સાથે જન્મતાં નથી. તે, તે બધું જન્મ અને મૃત્યુની વચ્ચે પ્રાપ્ત કરે છે. પરંતુ, તે દુન્યવી વસ્તુઓ અને સંબંધો સાથે લગાવ વિકસાવે છે, જે તેને પીડા પ્રદાન કરે છે, મનુષ્યે તે ક્યાંથી આવ્યો છે અને ક્યાં જવાનું છે તે જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. ટપાલ દ્વારા મોકલેલા પત્ર ઉપર લેનાર અને મોકલનારનું સરનામું હોવું જોઈએ, નહીં તો, તે “ડેડ લેટર-ઓફિસ”માં જશે. કંઈ નહીં તો તમે ક્યાંથી આવ્યા છો તે એક સરનામું જાણવું જરૂરી છે. જો તમે ઊંડી તપાસ કરશો તો તમને ખ્યાલ આવી જશે કે તમે ભગવાનમાંથી આવ્યા છો. તમામ જીવો માટે તેમના મૂળ સ્રોતમાં પરત ફરવું કુદરતી છે. દાખલા તરીકે, માટીનો ઘડો આખરે માટીમાં જ  જશે. મધ્ય તબક્કામાં તે ઘડો હતો. માટીના ઘડાની જેમ, તમારો દેહ પણ હંગામી છે અને કાયમી નથી. અંતે તો તે તેના મૂળ સ્રોત-ભગવાન પાસે જ જશે. માટે, ભગવાનને પ્રાર્થના કરો અને દરેક વસ્તુ તેમને અર્પણ કરો. પછી, જીવનની તમામ પીડાઓનો અંત આવી જશે.

**<u>તમારું પ્રેમપૂર્ણ હૃદય ભગવાનને અર્પણ કરો.</u>**

માત્ર વિધિ-વિધાનો પાછળ સમય વેડફ્યા વિના તમારો વિશુદ્ધ પ્રેમ ભગવાનને અર્પણ કરો. એક માતા તેના શિશુને શાંતિથી પારણામાં મૂકીને ઘરના કામકાજમાં લાગી જાય છે. જે ક્ષણે શિશુ રુદન કરવા માંડે છે કે માતા તેના રડવાના રાગ-તાલને ધ્યાનમાં લીધા વિના તેનું તમામ કામ બાજુએ મૂકીને તેની પાસે દોડી જાય છે. તે જ પ્રમાણે, ભગવાન તમારી પ્રાર્થના કે રડવાના રાગ-તાલની પરવા કર્યા વિના જ દોડતાં તમારી વહારે આવી પહોંચે છે, ભગવાન તો માત્ર તમારાં અંતરને જ જુએ છે. દિવ્ય માતાના પ્રેમની પ્રકૃતિ આવી છે. તે માત્ર દિવ્ય પ્રેમની અપેક્ષા રાખે છે અને તમારી હાર્દિક પ્રાર્થનાનો પ્રતિભાવ આપે છે. આ અનન્ય ભક્તિ (પરમ ભક્તિ) છે.

ભગવાને તેમના ઉદબોધનનું સમાપન “ ચિત્ત ચોરા યશોદા કે બાલ ” ભજનથી કર્યું અને આગળ ચાલુ રાખ્યું. આ ભજનમાં ભગવાન એક ચોર કહેવાય છે. તેનો આંતરિક અર્થ એ છે કે કૃષ્ણ દ્વારા ચોરી કરાયેલા માખણ અને દૂધ વાસ્તવમાં તેના ભક્તોનાં મૃદુ અને શુદ્ધ હૃદયો હતા અને ભગવાન તેમનાં હૃદયની ચોરી કરી જાય એવી ભક્તો આશા રાખતા હોય છે. સામાન્ય રીતે જો કોઈને ચોર કહીએ તો તે ગુસ્સે થઈ જશે, પરંતુ અહીંયાં ભગવાન દુન્યવી વસ્તુઓના ચોર નહીં પણ શુદ્ધ હૃદયના ચોર છે. તમારાં હૃદયને પવિત્ર-શુદ્ધ રાખો જેથી ભગવાન તેની ચોરી કરી શકે !

---

**(તા. ૧૦મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈકેનાલ ખાતે ભગવાનનું દિવ્ય પ્રવચન)**

### ભગવાનનો વિનાયક ચતુર્થી સંદેશ

# ગણપતિ બુદ્ધિ-સિદ્ધિ પ્રદાતા

ધન લય પામે, ચિંતા ન કરો, પુનઃ પ્રાપ્ત કરી શકાય,
મિત્રની ખોટ ન સાલે, કોઈ અન્ય મિત્ર મળી રહે
પત્નીનો વિરહ પણ વિરમે, બીજા લગ્ન કરી શકાય,
ભૂમિનો ટૂકડો ઓછો થાય તો બીજો ખરીદી શકાય,
આ સર્વ પુનઃ પ્રાપ્ય છે; શરીરનો વિલય થાય
તો કદીય પુનઃ પ્રાપ્ત ન થાય........
(સંસ્કૃત શ્લોક)

**દિવ્યત્વ માનવ જીવનનો પાયો છે.**

પરિવર્તનશીલ,નાશવંત-ભૌતિક વિશ્વમાં સઘળું આવે અને જાય. આ જગતમાં કશું પણ સ્થાયી કે નિત્ય નથી. પ્રાપ્ત કરેલ સંપત્તિ કે મિત્ર એક ને એક દિવસ તો તમને છોડી જનાર જ છે. તે જ પ્રમાણે આ માનવ દેહ પણ એક દિવસ લય પામવાનો જ છે; અને એકવાર ગુમાવેલ દેહની પુન:પ્રાપ્તિ શક્ય નથી જ. આ સત્ય હકીકતને લક્ષમાં રાખી-તેનો સ્વીકાર કરી જ્યાં સુધી આ શરીર જીવીત છે ત્યાં સુધી માણસે માનવીય મૂલ્યોનું સંવર્ધન કરીને જીવનને પવિત્ર-પુનિત બનાવવું જોઈએ.

જીવન તો ગતિ પ્રાય:-નાશવંત છે. યુવાની અને સંપત્તિ પણ લય પ્રાયઃ જ છે. સ્ત્રી અને બાળકોની પણ એ જ ગતિ છે. શાશ્વત-સનાતન છે એક માત્ર સદ્ વૃત્તિ અને સુકીર્તિ (સત્ કાર્યો અને સત્સંગની મૂડીનો કદી લોપ થતો નથી)

**ગણો અને સદગુણોના સ્વામી ગણપતિ.**

પ્રેમસ્વરૂપો... માણસે સત્ય, નીતિ અને ધર્મને જ સદા વળગી રહેવાનું છે જે જન્મોજન્મ તમારી સાથે જ રહે છે. આ દિવ્ય તત્વને જન્મ સ્થળ કે કાળના બંધન નથી. સર્વ વેદો, પુરાણો અને ઉપનિષદોનું એક જ સત્ય છે: ' સત્યમ્ વદ, ધર્મમ્ ચર'. પરંતુ મનુષ્ય આ સત્ય કર્મના સિદ્ધાંતોને ભૂલી ગયો છે, અને તેના કારણે પોતાની ભીતર રહેલ દિવ્યતાને પણ પામી શક્યો નથી. માનવીય મૂલ્યોને કેળવ્યા વિના-અપનાવ્યા વિના દેવત્વનો અનુભવ થવો અશક્ય છે. માનવસૃષ્ટિમાં જન્મ ધારણ કર્યો છે તેથી માનવીય મૂલ્યોનું જતન કરવાની માનવીની પ્રાથમિક ફરજ છે. નહીંતર તેનું જીવન અર્થહીન બની રહે છે. માનવ જીવનનો હેતુ શું છે? પશુ પંખીની માફક ખાવું, પીવું અને જીવનની મોજ મજા માણવી એ જ છે? ના, ના, તેનું જીવનલક્ષ્ય તો વિશ્વમાં ઉદાહરણીય-આદર્શરૂપ બનવાનું છે. 'ઉધ્ધરેત-આત્મનાત્માનમ્' માનવીએ સ્વયં પોતે જ પોતાના જીવનને બનાવવાનું છે. ભગવદ્ ગીતાનું આ કથન છે. મનુષ્યે સ્વયં પોતાના જીવનનો ઉધ્ધાર કરવાનો છે અને તે સાથે જ બીજાઓને પણ તેમના ઉધ્ધાર માટે પ્રયત્નશીલ બનાવવાનો પ્રયાસ કરવાનો છે. ભગવાન ગણપતિ આધ્યાત્મ જ્ઞાનનો ઉપદેશ આપે છે. 'ગણપતિ' નામમાં ઘણા અર્થો સમાયેલા છે. ગણપતિ ગણોના દેવ (દેવોના પણ દેવ) અને સદગુણોના સ્વામી છે. 'ગ' એટલે બુદ્ધિ, 'ણ' એટલે વિજ્ઞાન. અને તેથી જ ગણપતિ જ્ઞાન અને બુધ્ધિના સ્વામી છે. ભગવાન ગણેશ સુરલોકના સ્વામી છે. ગણપતિના અધિપતિ કોઈ નથી સ્વયં દેવાધિદેવ છે-સર્વ દેવોનું નેતૃત્વ તેઓ સંભાળે છે. સર્વ દેવોના અધિપતિ હોવાના નાતે તેમનામાં નેતૃત્વના સર્વ લક્ષણો અભિભૂત જ છે. ગણેશજીની પૂજા-અર્ચના હમણાં જ થાય છે એવું નથી પરંતુ વેદિક કાળથી જ ગણપતિના સ્તુતિ ગાન થતાં આવ્યા છે. ઋગ્વેદ અને તૈત્રિય ઉપનિષદ ક્વાં પણ ગણેશ પૂજાનો ઉલ્લેખ થયેલો છે. એટલે ગણપતિ પૂજા એ આજના સાંપ્રત કાળની વાત નથી અતિ પુરાણા સમયમાં પણ ગણેશપૂજાનો ક્રમ હતો.

**વ્યક્તિએ નિવૃત્તિ માર્ગ અપનાવવો જોઈએ.**

દિવ્યત્વ તો પ્રત્યેક વ્યક્તિમાં ઉદભવિત છે જે તેને યોગ્ય માર્ગે દોરી જાય છે. પરંતુ માનવી પોતાનામાં પ્રગટ અને પથપ્રદર્શક દિવ્યતા પ્રત્યે બેધ્યાન બની પોતાનું જીવન બરબાદ કરી રહ્યો છે. તે પોતે ભૌતિક અને ક્ષણિક સિદ્ધિઓની પાછળ દોટ મૂકીને- માનવત્વની અવહેલના કરીને જીવનમાં શાંતિનો અભાવ અનુભવે છે. ભૌતિક શિક્ષણ અને ભૌતિક સત્તાની પ્રાપ્તિ એ માનવજીવનનો હેતુ નથી. આ સર્વ પ્રવૃત્તિ માર્ગ (બાહ્ય સુખ અને આનંદ)નું દર્શન કરાવે છે. અને પ્રવૃત્તિને અનુષંગીત સર્વ ચીજો નાશવંત છે. વ્યક્તિએ નિવૃત્તિ માર્ગ-અંતરમનનાં માર્ગને અનુસરવો જોઈએ. આંતરિક આનંદ અને સુખનો અનુભવ કરવો જોઈએ. આ જગતમાં કાંઈ પણ શાશ્વત-સનાતન નથી.

દેહમાંસથી બનેલ આપણું શરીર વહેલા-મોડા પણ નાશ પામવાનું જ છે. જ્યારે અંતર આત્મા તો જન્મ અને મૃત્યુથી પર છે. આત્મા તો જન્મ, મૃત્યુ અને કાળના બંધનોથી મુક્ત છે. અંતર આત્મા તો અનાસક્ત છે તે તો માત્ર સકળ સંસારનો દ્રષ્ટા જ છે- માત્ર સાક્ષીરૂપ છે. સાચું કહીએ તો અંતરાત્મા સ્વયં ભગવાન જ છે.

પરંતુ મનુષ્ય દેહભાવને મહત્વ આપી-દેહ જ સનાતન-શાશ્વત છે એમ માનીને જીવન આખું વેડફી નાંખે છે. સમય તો પ્રભુએ દીધેલ અતિ મહાન વરદાન છે પરંતુ માણસ સમયનું કોઈ મૂલ્ય સમજતો જ નથી. આયુષ્યનો ત્રણ ચતુર્થાંશ સમય તો નિરર્થક પ્રવૃત્તિઓમાં વેડફી નાખે છે. આવા માણસ પોતાના જીવનનો ઉધ્ધાર શી રીતે કરી શકે? પોતાના ઉધ્ધાર માટે તો માણસે સમયનો સદુપયોગ કરવો પડે. ઉપનિષદો, વેદો અને પુરાણોમાં માનવત્વને પ્રતિષ્ઠાનું સ્થાન આપ્યું છે. આ માનવ વેદો, ઉપનિષદો અને પુરાણોનો અભ્યાસ કરે છે ખરો પરંતુ તેનું સાચું મૂલ્ય સમજીને જીવનમાં આચરણ કર્યું છે ખરું? જ્યાં સુધી શાસ્ત્રોને જીવનમાં ઉતારાય નહીં ત્યાં સુધી માત્ર શાસ્ત્રાભ્યાસ અર્થહીન છે.

**શાંતિ અને પરમ આનંદ તો ભીતરમાં જ રહેલા છે.**

આજના વિનાયક ચતુર્થીના દિવસે, તેલ વગરની માત્ર વરાળથી બાફેલી વાનગીઓ બનાવવાની અને તે જ વિનાયકને ધરાવવાની પ્રણાલિકા છે. આ વાનગીઓ તદ્દન જ અલગ અને વિશિષ્ટ હોય છે. તલ, ચોખાનો લોટ અને ગોળ ભેગા કરી તેના ગોળા બનાવી વરાળમાં જ બાફીને ભગવાન વિનાયકને ધરાવવામાં આવે છે. આ પ્રકારની જ વાનગીઓ બનાવવા પાછળનો હેતુ જાણવાની જરૂર છે. વરાળમાં બાફેલા આ નૈવિદ્ય(મોદક) આંખ માટે તથા જેઓ અસ્થમા તથા (એલર્જીક ખાંસી-કફ) થી પીડાતા દર્દીઓ માટે વધુ ઉપકારક હોય છે. માણસને સ્વાસ્થ્ય અને સુખ પ્રદાન કરનારી આ વાનગી છે. આને માત્ર ધર્મ આધારિત પ્રણાલિકા માનવાની નથી. ભગવાન સાથે જોડાયેલ આ બધી બાબતોની પાછળ પવિત્ર-આવશ્યક અર્થ રહેલો છે. જે માણસ આવી બાબતો પાછળનું સત્ય સમજે નહીં તેને મન આ બધી વાતો માત્ર પાર્થિવ અને ભૌતિક વિષય જ બની રહે છે.

માનવીની અંદર પશુ લક્ષણો અને પશુપતિ (દિવ્ય) લક્ષણોનું મિશ્રણ રહેલું જ છે. પશુ લક્ષણોનું ઉદભવ સ્થાન મગજ છે. ભૌતિક શિક્ષણ અને પાર્થિવ બુદ્ધિકૌશલ્ય આ સર્વ મગજની પેદાશ છે. વૈજ્ઞાનિકો પોતાની બુદ્ધિમતાનો ઉપયોગ માત્ર વૈશ્વિક-ભૌતિક વિષયોના સંશોધન અને સર્જન પાછળ જ કરતા હોય છે. આ સર્વ બાબતો પ્રવૃત્તિ આનુસંગિક છે. પ્રેમ, કરુણા, ધૈર્ય અને સંયમ જેવી લાગણીઓ નિવૃત્તિમાર્ગીય છે અને એ સદગુણો

માનવ હૃદયમાંથી ઉદભવે છે. આજે માનવીનું ધ્યેય બૌદ્ધિક બનવાનું છે, સદગુણી નહિ. ભગવાન કૃષ્ણે કહ્યું છે: 'અનિત્યમ્ અસુખમ્ લોકમ્ ઈમમ્ પ્રાપ્ય ભજસ્વ મામ્' (જગત નાશવંત છે અને સર્વ દુઃખોનો સાગર છે તેથી સતત મારૂ ચિંતન કર). પ્રવૃત્તિને ત્યાગો અને નિવૃત્તિને અનુસરો. અને ત્યારે જ તમારો ઉધ્ધાર થશે-ત્યારે જ તમારું કલ્યાણ થશે. આજના વડીલો પોતાના સંતાનોને પ્રવૃત્તિ વિષયોનું શિક્ષણ આપતા દેખાય છે, નિવૃત્તિ વિષયોનું નહીં (ભૌતિક સુખ સંપત્તિની પ્રાપ્તિ માટેનું જ શિક્ષણ આપે છે, કલ્યાણકારી, જીવનમાં આત્મીય સુખ-આનંદ પ્રાપ્ત થાય એવી બાબતો પર ધ્યાન અપાતું જ નથી). બાળકથી માંડીને વૃદ્ધો સુધી દરેક જણ પ્રવૃત્તિ વિષયને પામવામાં જ રસ ધરાવે છે. પરંતુ પ્રવૃત્તિના આ માર્ગે વિહરનાર કોઈ પણ વ્યક્તિએ જીવનમાં સુખ અને શાંતિનો અનુભવ કર્યો છે ખરો? શાંતિ શી રીતે પ્રાપ્ત થાય ? શાંતિ છે ક્યાં ? આજે તો એક હાથમાં એટમ બોંબ રાખીને લોકો શાંતિની પ્રાપ્તિના હેતુ અર્થે પ્રવચનો આપતા હોય છે. આવા માનવીઓ કદાચ ચંદ્ર પર પહોંચી શકે પરંતુ શાંતિ અને પરમ સુખની પ્રાપ્તિ ન કરી શકે. બાહ્ય જગતમાં શાંતિની ખોજ કરવાની કાંઈ જ જરૂર નથી. બાહ્ય જગતમાંથી તો તમને અશાંતિ-અસ્વસ્થતાની જ પ્રાપ્તિ થશે શાંતિ તો તમારી અંદર જ રહેલી છે. શાંતિ તો તમારું સ્વરૂપ છે. તમારા અંતરમાંથી જ શાંતિ પ્રગટ કરવાનો પ્રયત્ન કરો.

**<u>સૌ કોઈ દિવ્યત્વના જ અંશો છે.</u>**

વ્હાલા પ્રેમ સ્વરૂપો,

પ્રેમની શક્તિથી મહાન કોઈ શક્તિ નથી. જીવનમાં પ્રેમની લાગણી કેળવવાથી તમને શાંતિની પ્રાપ્તિ થશે. શાંતિ તમારો જન્મદત્ત અધિકાર છે. જાગતિક શાંતિ એ સાચી શાંતિ નથી. માત્ર અંતરતમ શાંતિ જ પવિત્ર, નિષ્કલંક, નિત્ય અને અમર છે. ભગવાન ગણેશ જ તમને આ અમોઘ શાંતિ પ્રદાન કરી શકે છે. જો વ્યક્તિ સમયનો સદ્ઉપયોગ, ન કરે તો શી રીતે શાંતિ સાધ્ય કરી શકે? શાંતિની પ્રાપ્તિ માટેનો એક જ માર્ગ છે અને તે છે સમયનો સદ્, પવિત્રભાવ ઉપયોગ. આજે તો માણસ બીજાઓની નિંદા કરવા પાછળ તથા અર્થહીન વાતો કરવામાં જ સમયનો વ્યય કરે છે. તમે જેઓને અન્ય (તમારાથી જુદા) માનો છો તેઓમાં અને તમારામાં એક જ આત્માનો વાસ છે. સમજી લો કે સર્વ જીવો એક જ દિવ્ય તત્વના તણખાઓ છો. 'ઈશાવાસ્યમ્ ઈદમ્ જગત્' (સમગ્ર વિશ્વ-સમગ્ર સૃષ્ટિ એક જ પ્રભુનું સર્જન છે) 'દેહો દેવાલય પ્રોક્તો, જીવો દેવ સનાતન' (માનવદેહ દેવ મંદિર છે- જેમાં પ્રભુ બિરાજેલ છે.) તમને ગમતી વ્યક્તિ કે વ્યક્તિઓ માટેનો પક્ષપાત એ તંદુરસ્ત નીતિ નથી. આવી જુદાઈને જીવનમાં સ્થાન ન આપો. સૌને સમાન ગણો. દિવ્યતત્વ તો એક જ છે એવી સમજ કેળવો. 'એકાત્મા સર્વ ભૂતાન્તરાત્મા' (સર્વ જીવોમાં એક જ આત્માનો વાસ છે) એકવાર આ સત્ય તમને સમજાય તો જીવનમાં સર્વત્ર-સર્વદા સુખ અને શાંતિનું જ વાતાવરણ વિલસે.

આજે બેંગ્લોરના ભક્તો દેવ પૂજા અર્ચના માટે ભગવાન ગણેશજીની ૭૫૦ મૂર્તિઓ લાવ્યા છે કારણ કે સ્વામીનો આ ભૌતિક દેહ ૭૫માં વર્ષમાં પ્રવેશ કરે છે. ૭૫૦ કે ૭ કરોડ પ્રતિમા લાવો પરંતુ ગણેશજી તો એક જ છે (મૂર્તિના સ્વરૂપ-આકાર અનેક પરંતુ તત્વ તો માત્ર એક જ). હૃદયની પવિત્રતા-શુધ્ધતા વિના સંખ્યાબંધ મૂર્તિઓની પૂજા-અર્ચના કરવાથી કોઈ અર્થ સરતો નથી. હૃદયમાં એકતાની લાગણી સાથે તમે એક જ પ્રતિમાની પૂજા અર્પણ કરો તે પૂરતી જ છે.

ભગવાનની પૂજા કરવાનો અને વ્રત કરવાનો હેતુ શો છે? આ સર્વ કર્મકાંડો તો હૃદયમાં પવિત્રતાનો ઉદય થાય-પવિત્રતાને કેળવવા માટેના માધ્યમ છે. 'ચિત્તસ્ય શુધ્ધાય કર્મ:' (સત્કર્મો હૃદયમાં માનસિક શુધ્ધતા કેળવવા માટે છે). શ્રવણમ્, કિર્તનમ્, વિષ્ણુ સ્મરણમ્, પાદસેવનમ્, વંદનમ્, અર્ચનમ્, દાસ્યમ્, સ્નેહમ્ અને આત્મનિવેદનમ્ આ નવધા ભક્તિ હૃદયમાં પવિત્રતાની પ્રેરક છે. મેસૂરપાક, બરફી, ગુલાબજાંબુ વિગેરે મીઠાઈઓના નામ અને સ્વરૂપ ભિન્ન ભિન્ન પરંતુ સર્વના મૂળમાં રહેલ સાકર-શર્કરા તો માત્ર એક જ છે તે પ્રમાણે સર્વ પ્રકારની સેવા પૂજા અને અર્ચનામાં મૂળ તત્વ તો એક જ છે-તે છે પ્રેમનું તત્વ. અને તેથી જ જીવન પ્રેમથી જીવો. પ્રેમ થકી જ જીવનનો ઉદય થાય અને પ્રેમ થકી જ અસ્ત પામે. આ છે સાચી અધ્યાત્મ સાધના. તમે ઈશ્વરથી અલગ નથી જ.

કર્મનો પ્રારંભ કરતા પહેલાં જ તેને વંદન કરો. એક ડ્રાઈવર ડ્રાઇવિંગ સીટ પર બેસતા પહેલાં જ સ્ટીયરીંગને વંદન કરશે. એક નર્તક ધૂંઘરૂં પહેરતા પહેલાં જ તેને વંદના પાઠવશે અને પછી જ નૃત્યનો આરંભ કરશે. ભગવદ્ ગીતાનું પઠન કરતાં પહેલાં વાચક વંદના પાઠવશે. કથાકાર વ્યાસપીઠ પર બેસતા જ પોથીને નમન કરશે. પ્રાર્થનાના શિષ્ટાચારનો હેતુ શુભ-મંગલ ફળ પ્રાપ્ત કરવાનો છે. આપણી પ્રાચીન સંસ્કૃતિ અને સંસ્કારનું આ દર્શન છે. કાર્ય કરતા પહેલાંજ તમે એ કર્મ તથા તેનાથી પ્રાપ્ત થનારું ફળ પ્રભુને અર્પણ કરો. આપણે એક સામાન્ય ટ્રક ડ્રાઈવરને કાર્યનો આરંભ કરતાં પહેલાં જ નમન કરતો જોઈએ છીએ. પરંતુ જે જ્ઞાની છે એવા વૈજ્ઞાનિકને આમ કરતો જોતા નથી એનું કારણ અહંભાવ છે. આવો વૈજ્ઞાનિક જે પોતાને જ્ઞાનપ્રચૂર માને છે તે ખરેખર તો અજ્ઞાન-પ્રચૂર છે. જેમ આપણો પડછાયો આપણી પાછળ પાછળ આવે છે તેમ અહંકાર પ્રચૂર વ્યક્તિની પાછળ અજ્ઞાન પણ દોડે છે. માનવ જીવન જ્ઞાન અને અજ્ઞાનનું મિશ્રણ છે. તમે તમારી જાતને જ્ઞાનના સ્વામી સમજો એ મહાન ભૂલ છે. કારણ કે તમારી પાછળ તમારા સર્વ કાર્યો કે સર્વ પ્રવૃત્તિઓની પાછળ તો અજ્ઞાન પડછાયાની માફક જે દોડતું હોય છે. આ અજ્ઞાનમાંથી મુક્ત થવા માટે તમારે એ સત્યનો સ્વીકાર કરવો જોઈએ કે આ સમગ્ર સૃષ્ટિ તો ભગવાન વિષ્ણુનો જ આવિષ્કાર છે. 'સર્વમ્ વિષ્ણુમયમ્ જગત' (સમગ્ર જગત વિષ્ણુનું સ્વરૂપ અને સર્જન છે. જગતમાં કોઈપણ ચીજવસ્તુ દિવ્યત્વ વિનાની નથી. આના જ અનુસંધાનમાં ત્યાગરાજ ગાય છે: " હે રામ, અલ્પતમ્ કીડીથી વિરાટતમ્ બ્રહ્મ...... એ સર્વમાં આપનો જ વાસ છે." સર્વવ્યાપક-વિશ્વવ્યાપક પરમાત્માને શી રીતે વિસરી શકાય?

પ્રેમ સ્વરૂપો,

લોકો ભજન ગાય છે ખરા પરંતુ તેનો અર્થ-તેનું તત્વ સમજ્યા વિના. ઈશ્વર પ્રત્યે તેમનું ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે તેઓ ભજનના રાગ અને સૂર તરફ વધારે ધ્યાન આપે છે. અલબત્ત ભજન માટે તાલ, રાગ અને સૂરના સુયોગની આવશ્યકતા છે ખરી. પરંતુ એકવાર હૃદયમાં દિવ્ય પ્રેમ અને ભાવનો સંચાર થાય તો આપોઆપ જ તાલ અને સૂરનો સુયોગ થાય જ. જો તમે ગાયન વાદન્ પર વધુ પડતા કેન્દ્રિત બનો તો તમે ઈશ્વર પ્રત્યેના ધ્યાનથી ચલિત થાઓ છો.

જેમ અગ્નિમાં નાખેલ લોખંડનો દડો ગરમ થઈ સંકલિત થતો જાય તેમ તમારું મન પણ ઈશ્વર સંકલિત-તલ્લીન હોવું જોઈએ. દૂધમાંથી પાણી છૂટું પાડી ન શકાય; તે પ્રમાણે તમારું મન પણ પ્રભુમય થવું જોઈએ. તમે ઈશ્વરથી અલિપ્ત છો એમ ન માનવું જોઈએ. આવી એક્તાનો ભાવ કેળવનાર જ

સાચો મનુષ્ય છે. તમારી પૂજા-અર્ચનાને માત્ર તહેવારો પૂરતી સીમિત ન બનાવો. જીવનની હર પળ ઈશ્વર સ્મરણમાં વ્યતિત થતી હોવી જોઈએ. તમને કદાચ એવો વિચાર પણ આવે “જો આખો સમય જ ઈશ્વર સ્મરણમાં વિતે તો આપણી અન્ય પ્રવૃત્તિઓ શી રીતે કરી શકાય?” તો તમારી પ્રવૃત્તિઓ-તમારા કાર્યો એ પણ ભગવાનના જ કાર્યો છે કારણકે તમે જાતે ભગવાન જ છો. પ્રાર્થના ખંડમાં થતી પ્રવૃત્તિઓ એ સર્વ ઈશ્વરપ્રતિ પ્રવૃત્તિઓ અને બહારના સર્વ કાર્યો કે પ્રવૃત્તિઓ એ સર્વ તમારા અંગત કાર્યો એમ સમજવું એ મોટી ભૂલ છે; આ જાતની જુદાઈનો ભાવ ન કેળવો. તમારું હૃદય તો દેવમંદિર છે એવું માનીને આંતર દ્રષ્ટિ કેળવો. જે કોઈ આ સત્ય સમજે અને તેને અનુસરે એ સાચો મનુષ્ય છે.

**(૧સપ્ટેમ્બર, ૨૦૦૦ના વિનાયક ચતુર્થીના ભગવાનના પ્રવચનોનો અંશ)**

**પાછલા અંકનું ચાલુ...**

# ભગવાન શ્રી સત્ય સાઈબાબા સાથેના મારા અનુભવો

**ડૉ. ગોતેતી સરસ્વતી**

૧૯૭૪ માં રાજામહેન્દ્રવરમમાં સાઈ સંસ્થાના પદાધિકારીઓ છઠ્ઠી ઓલ ઈન્ડીયા કોન્ફરન્સ યોજાયેલી. ઘણાં વરિષ્ઠ ભક્તો, આ કોન્ફરન્સ મુંબઈ, હૈદ્રાબાદ કે દિલ્હીમાં યોજાય તેવું ઇચ્છતા હતાં કારણ કે ત્યાં પુરતી સુવિધા હતી. સ્વામીએ અચાનક જ એક મીટીંગમાં જાહેર કર્યું. "હવે પછીની ઓલ ઈન્ડીયા કોન્ફરન્સ રાજાહમુંન્દ્રીમાં થશે".

૧લી જાન્યુઆરી, ૧૯૭૪ ના દિવસે સ્વામી એક ચાર્ટડ પ્લેનમાં આવ્યા. હવાઈ મથકે, દરેક પાસે અમારા ભગવાન માટે ફુલો અને હારતોરા અને ઘણી વસ્તુઓ હતી. આ બધી બાબતે મારે શું કરવાનું હતું મને કંઈજ ખબર નહોતી. હું કાંઈ જ બોલી નહીં. ડૉ.સન્યાસંમા અને તેણીના પતિ ડૉ.રામક્રિષ્નારાવ પણ હવાઈ મથકે આવેલા. સન્યાસામ્મા પાસે ઘણી બધી ગુલાબની પાંખડીઓ હતી. "તમે આમાંથી થોડીક મહેરબાની કરીને લઈ શકશો". તેણીએ મને કહ્યું. મારા હાથ ધ્રુજી રહ્યાં હતાં. મેં કહ્યું, મારી પાસે કશું નથી અને મેં તે લીધી. જેવા સ્વામી આવ્યા કે તેમના ચરણોમાં તે બધી મૂકી દીધી. સ્વામી ખુશ થયા. તેમણે દરેક સામે જોયું. ત્યાર બાદ મારો ભાઈ તેમને પોતાની ગાડીમાં શ્રી રામારાવના મકાને લઈ ગયો. જ્યાં હાલ ગુરુકુલમ સ્થપાયેલું છે; તે જગ્યા હતી, જ્યાં કોન્ફરન્સ યોજાયેલી હતી. શ્રી રામારાવના નાનાભાઈ એક એન્જીનિયર હતા. તેમણે બધું જ સુશોભન સુંદર રીતે કરેલું. તે એક ગ્રામ્ય વિસ્તાર હોવાને લીધે દૂધ, દહીં કે બીજા ખાદ્ય પદાર્થો ખરીદવાની જરૂર નહોતી. મીઠાઈઓ, ખટમીઠા વ્યંજનો વગેરે હમણાં જ લાવીને મૂક્યા હતાં. કોન્ફરન્સ માટેનું ભોજન પાછળના ભાગના મેદાનમાં રાખવામાં આવેલું, શમિયાણા નહોતા પરંતુ લગ્ન પ્રસંગમાં જેમ કરવામાં આવે છે તે પ્રમાણે વનસ્પતિજન્ય ચીજોથી ચંદરવો અને છત્ર તૈયાર કરવામાં આવ્યા હતાં. દરેકે સેવાભાવથી જ કાર્ય કર્યું હતું, એક નવો પૈસો પણ ખર્ચવામાં નહોતો આવ્યો.. હજારો લોકો માટે ટેબલ્સ પર ભોજન પીરસવામાં આવેલું. અમને કહેવામાં આવેલું કે ૩૦૦૦ પ્રતિનિધિઓ આવશે, પરંતુ ૯૦૦૦ જેટલા પ્રતિનિધિઓ અને ભક્તો આવેલા. નેપાળ અને એ બાજુથી પુષ્કળ લોકો આવેલા. ગોદાવરી એક પવિત્ર નદી હોવાને કારણે, તેના પવિત્ર સ્નાન માટે પણ આવેલા. આ બધાનો સમાવેશ અમારે ક્યાં કરવો? અમે વાંસના ઝુંપડા ઉભા કર્યા, તેમાં એ બધાનો સમાવેશ કર્યો. અમે સ્વામીનું ભોજન,

ચાંદીની થાળીમાં અને ચાંદીના વાસણોમાં પીરસવા માટે તૈયાર કર્યું. તેમણે એ બધું દૂર કરાવ્યું. અને અમને એક સાધારણ પતરાળા અને પડિયામાં જ પીરસવાનું કહ્યું "મને પાંદડાની પતરાળી ઉપર જ પીરસી આપો", સ્વામીએ કહ્યું અને હરોળમાં ભક્તોની જોડે બેસી પોતાનું ભોજન લીધું.

ત્યાં બીજો એક ચમત્કાર થયો. અમે માત્ર ૩૦૦૦ લોકો માટેની સામગ્રીની વ્યવસ્થા કરી હતી, પરંતુ ૯૦૦૦ લોકોને ભોજન કરાવવાનું હતું. કેટલા દિવસ ખાદ્ય સામગ્રી ટકશે? બીજા દિવસે તો દરેક વસ્તુ ખાલી થઈ ગઈ. શ્રી સત્યમ, શ્રી રામારાવની જોડે આવ્યા. "તે બધું ખાલી થઈ ગયું છે ! હવે આપણે શું કરીશું?" તેઓએ હોલસેલ વેપારી પાસેથી વસ્તુઓ ખરીદવાનું આયોજન કર્યું, એવું કહીને, "કોઈ કશું કહેતા નહીં, જે કાંઈ જરૂરી છે તે મેળવી લ્યો". પરંતુ સ્વામી ત્યાં પૂછતા પૂછતા આવી પહોંચ્યા કે, "શ્રી સત્યમે શું કહ્યું?" તેણે કહ્યું કે, ભંડાર ખાલી ગઈ ગયો છે. ચોખા અને દાળ પૂરા થઈ ગયા છે. "ના, તેને જઈને કહો કે આપણી પાસે જે છે તે પુરતુ થઈ પડશે." સ્વામીએ કહ્યું, બસ આટલું જ. અમે કશી ખરીદી કરી નહીં! એક નવો પૈસો પણ વાપર્યો નહીં. એ જ ભંડારાએ ૯૦૦૦ લોકોને જમવાનું પુરૂં પાડ્યું. પુટ્ટપર્તિમાં આવું ઘણી વખત બને છે. સ્વામી ભોજનને અક્ષય (ખૂટે નહીં તેવું) બનાવી દે છે. સ્વામી જ્યાં પણ જાય, ત્યાં તેવું જ કરે છે. કોન્ફરન્સના ત્રણે દિવસ વીત્યાં પછી પણ ઘણું બધું વધેલું; જે ખાઈ શકાયું નહોતું. અમે તે રાખી શક્યા નહીં. તે બધું પુટ્ટપર્તિ મોકલી દેવામાં આવ્યું અને કેન્ટીનમાં આપવામાં આવ્યું. સ્વામી અમારી સાથે, અમે તેમના પોતાના હોઈએ તેવી રીતે વર્તતા, જેવી રીતે એક માતા પોતાના બાળકો જ્યારે જાય ત્યારે કહેતી હોય, "આ લઈ લે, પેલું લઈ લે." કેવો અદભુત પ્રેમ, આ ભગવાનનો પ્રેમ કહેવાય.

સ્વામીએ મને સાંસ્કૃતિક કાર્યક્રમો વિશે પૂછેલું, "તમે ક્યા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવાના છો?" મેં કહ્યું, "એક સંસ્કૃત કવિ જયદેવ પર અને બીજો એક મીરા પર." રાજામહેન્દ્રવરમના લોકોએ બન્ને તૈયાર કરેલા હતા. સ્વામી આવી પહોંચ્યા તેના એક દિવસ અગાઉ શ્રી રમણ રાવ અને તેમનું ગૃપ આ બધી વ્યવસ્થાઓ જોવા માટે આવેલા. શ્રી રમણ રાવે પૂછ્યું, "તમે શું કરવાના છો?" મેં તેમને આ બે કાર્યક્રમો વિશે વાત કરી. "સરસ્વતી, તને કાંઈ બુદ્ધિ છે કે નહીં? મહાસભા માટે આંતર રાષ્ટ્રીય લોકો આવી રહ્યાં છે, જો તું જયદેવ અને મીરા પર તેલુગુ નાટકો રજૂ કરશે તો તેને કોણ જોશે ? માત્ર નાટક, બીજું કાંઈ જ નહીં?" બધા બાળકો સાથે અમે વીણા અને વાયોલિન્સની પણ વ્યવસ્થા કરી હતી. પ્રથમ દિવસે જ સાંસ્કૃતિક કાર્યક્રમો થવાના હતા, પરંતુ રમણ રાવે 'ના' કહી. આગલી રાત્રે સ્વામી આવ્યા. સ્વામી સભા મંડપ જોવા આવ્યા. સ્વામીની પાછળ રમણ રાવ અને હું પોતે અને અમે બધા જ હતા. અર્ધે રસ્તે સ્વામી પાછા વળ્યા અને પૂછ્યું, "સરસ્વતી, ક્યા કાર્યક્રમો તમે તૈયાર કરેલા છે?" "કોઈ જ નહીં" મેં પ્રત્યુત્તર આપ્યો. "શા માટે," તેમણે પુટ્ટપર્તીમાં તે અંગે પહેલેથી સાંભળેલું હતું. મેં કહ્યું "રમણ રાવે 'ના' કહી, સ્વામી." "તેમણે શા માટે ના પાડી?" સ્વામીએ પુછ્યું. "સ્વામી, આ એક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ છે જેમાં દરેક જણ આવશે ને જોશે". "તેઓ કદાચ ન પણ જૂએ, હું જોઈશ. હું તે ઈચ્છું છું. તમારા બધા બાળકોને લાવો". સ્વામીએ કહ્યું. મારો ભાઈ બીજા દિવસે સવારે ઉતાવળે ઉઠ્યો. વીણાના તાર બાંધવામાં આવ્યા. દરેક વસ્તુ તૈયાર કરવામાં આવી. શ્રી ક્રિષ્નામૂર્તિએ તેમના માટે રાતોરાત વિશિષ્ટ બેજીસ તૈયાર કર્યા અને બધા બાળકોને મોકલી આપ્યા. રાત્રિના ૧૦ વાગ્યા હતા. મંચના એક વિભાગમાં સ્વામી બેઠા હતાં. વાજિંત્રો સાથે અમે બીજી બાજુ બેઠા હતા. બાળકોએ સારી રીતે ગાયન-વાદન કર્યું. કાર્યક્રમ પછી,

સ્વામી જે બાજુએ બેઠા હતાં, ત્યાંથી ઊભા થઈને મંચ પર દોડી ગયા. હજું પ્રેક્ષકગણને ખબર જ નહોતી કે સ્વામી ત્યાં બાળકો સાથે હતા. તેમણે કહ્યું, "ડૉ.અમ્મા, તમારા બાળકોએ સુંદર કામ કર્યું છે! "તે દરમ્યાનમાં કોઈ એક ગુલાબના ફુલોનો મોટો હાર લાવ્યું અને સ્વામીને હાર પહેરાવ્યો અને નમસ્કાર કર્યા. દરેક વસ્તુ સારી રીતે પૂર્ણ થઈ.

છેલ્લા દિવસે સ્વામી જવાના હતા. મારી માતાને અગાઉ પક્ષઘાત (પેરેલિસીસ) થયેલો. મેં જ્યારે સ્વામીને કહ્યું કે તેણી તેમને મળવા ઈચ્છતી હતી. તેમણે કહ્યું, "આવતી કાલે સવારે હું સત્યમના ઘરે નાસ્તા માટે આવીશ." ત્યાં સુધીમાં રાત્રીના એક વાગ્યા હશે હું બધી વ્યવસ્થા કર્યા પછી ઘરે પાછી ફરી. ફરી પાછુ મારે વહેલી સવારના ત્રણની આસપાસ ત્યાંજ જવાનું હતું.

ઘરમાં કાંઈ રસોઈ તૈયાર ન હતી. મેં મારી માતા અને પિતાને એક વાગ્યે જગાડ્યા અને તેઓને જ્યારે સ્વામી સવારમાં આવે ત્યારે તૈયાર રહેવા કહ્યું. શું કરવું પડે તે વિશે થોડી વાતો કરી. તેઓ માતાને લાવ્યા અને પથારીમાં બેસાડ્યા. તેણી બોલવા માટે સક્ષમ ન હતી. સ્વામીએ તેણીને નમસ્કાર આપ્યા, અને તેણીને કહ્યું "હું તમને પુટ્ટપર્તિ મારી સાથે લઈ જઈશ". તે લોકો ખુશ થયા. મેં વિચાર્યું, અરે, 'તેણીનો સમય તો પૂરો થઈ ગયો છે, અને સ્વામી કહે છે કે 'તે' તેણીને પુટ્ટપર્તિ લઈ જશે' બધાને ત્યાં બેસાડી રાખી, હું સાઈનિલયમ-સભા માટેના સ્થળ તરફ ગઈ. બધા જ સ્વયંસેવકોને નમસ્કાર માટે બેસાડવામાં આવ્યા હતા. વિમાન ઉડ્ડયનનો સમય થઈ ગયો હતો. સ્વામીનો નાસ્તો થઈ ગયા પછી, મેં કહ્યું, "સ્વામી કૃપા કરી એક વખત તમે ત્યાં આવો. તેઓએ ખૂબ મહેનત કરી છે. સ્વામી આવ્યા. દરેકને નમસ્કાર આપ્યા અને આખરે અર્ધો ડઝન જેટલા લોકો બાજુના એક નાનકડા ઓરડામાં હતા સ્વામીએ મને કહ્યું, "તમારે ઝડપથી નમસ્કાર લેવા પડશે, મારે જવાનું છે." મેં જવાબ આપ્યો, "હું લઈશ નહિ". તેમણે કહ્યું, 'કેમ?" "પેલા ખંડમાં કેટલાક લોકો છે, સ્વામી, પહેલા તેમને નમસ્કાર આપો, પછી જ હું નમસ્કાર લઈશ." તે ઉતાવળે ત્યાં ગયા તેમને બધાને અને ત્યાર પછી મને નમસ્કાર આપ્યા, અને નિકળ્યા. સ્વામી તરફથી આ ઓલ ઈન્ડીયા કોન્ફરન્સ પૂર્વ ગોદાવરી જીલ્લાના, અમારા બધા લોકોને માટે એક મહાન વરદાન સ્વરૂપ હતી. (ક્રમશઃ ચાલુ).

**- લેખક વ્યવસાયે સ્ત્રીરોગના નિષ્ણાંત અને પાંચ કરતા વધારે દાયકાથી ભગવાનના અનુયાયી હતા.**

### દૈવી મહિમાનો ઉત્સવ

# આપણા પૂજનીય બાબાની મહાનતાની કેટલીક ઝલક/ઝાંખી

**એસ. રામાક્રિશ્નન્**

બાબાનો જન્મ તાઃ ૨૩ નવેમ્બર ૧૯૨૬ ના રોજ થયો હતો. તે કાર્તિક માસ હતો અને વાર હતો સોમવાર. કાર્તિકમાસ એ શિવ ભગવાનની ઉપાસનાનો પવિત્ર મહિનો ગણાય છે. તે દિવસ આર્દ્રા નક્ષત્રનો ઉદય થયો હતો. કાર્તિકમાસનો સોમવાર અને આર્દ્રા નક્ષત્રનો સંયોગ દુર્લભ છે અને તે અપવાદરૂપે શુભ મનાય છે.

તેમના દર્શન થવા તે તો આંખોને મિજબાની મળવા બરાબર અને તેમની મંત્રમુગ્ધ કરનારી વાક્છટાને સાંભળવી તે તો અર્થપૂર્ણ જીવન જીવવા માટેનું શિક્ષણ જ માની લો. આત્માને આનંદ આપનાર તેમના ભજન સાંભળવા એ પરમાનંદ છે. એક વાર આપણે તેમને મળીએ એટલે આપણાં હૃદયમાં તેઓ કાયમ માટે સ્થાપિત થઈ જાય છે.

ભવ્ય અને આકર્ષક, સરળ છતાં સુસંસ્કૃત, ચપળ છતાં અગમ્ય, સમજદાર અને વિનોદી, મોહક સ્મિતવાળું સ્નેહ અને કરુણાસભર વ્યક્તિત્વ, વાંકડીયાવાળનો કુદરતી મુગુટ, લાલ રંગના ગરદનથી પગ સુધીના એક પીસના ઝભ્ભાવાળા શ્રી સત્ય સાઈ બાબા ભવ્ય વ્યક્તિત્વ અને પ્રતિભા ધરાવે છે.

વિશ્વમાં લાખો ભક્તો તેમને પૂજે છે. તેમના ઘરોમાં કે ઓફિસમાં તેમના ફોટાને કુટુંબના દેવતાઓમાં સ્થાન મળ્યું છે. મેં તેમના ફોટા કે ચિત્રો ઘણાં પ્રતિષ્ઠિત નેતાઓ, સંપાદકો, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો, વહીવટકારો, નવી દિલ્હી કે રાજ્યોની રાજધાનીના સચિવાલયમાં વરીષ્ઠ ઓફિસર્સની ઓફિસમાં, ઉપરાંત લંડનમાં ભારતીય હાઈકમીશનની ઓફિસમાં પણ શણગારેલા જોયા છે.

આ સદીના સૌથી વધુ આદરણીય અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવનારાઓમાં એક, એવા બાબા સ્વયંભૂ ભારતમાં અને વિદેશમાં લાખો લોકોનાં આદરપાત્ર બન્યા છે. જીવનના તમામ ક્ષેત્રોમાં લોકોનું રૂપાંતર કરવાની તેમની પોતાની એક આગવી રીત છે. આવા લોકોની સંખ્યા અગણિત છે.

મેં પૂજ્યપાદ (સૌથી આદરણીય) એવા શ્રી સત્ય સાઈ બાબા વિશે બે દાયકા પહેલાં સાંભળ્યું હતું.

મુંબઈમાં આવેલ ધર્મક્ષેત્ર અને કમળના આકારના 'સત્યદીપ' એ બાબાનું નિવાસસ્થાન હતું. પશ્ચિમ ઘાટની એક ટેકરી ઉપર કુદરતના મોહક સૌંદર્યમાં અંકિત તે ૧૯૬૮માં બંધાયું હતું. શ્રી પી. કે. સાવંત-મહારાષ્ટ્ર સરકારના મંત્રી જે બાબાના એક પ્રિય ભક્ત હતા અને બાબા મુંબઈ પધારે ત્યારે તેમનો, બાબાના યજમાન બનવાનો એક વિશેષાધિકાર પણ હતો. તે દિવસોમાં ડૉ. બી.રામકૃષ્ણરાવ કે જેઓ હૈદરાબાદના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કેરળના રાજ્યપાલ પણ હતા. તેઓ બાબાની સાથે રહેતા અને બાબાના ભાષણોનો અંગ્રેજીમાં અનુવાદ કરતા હતાં.

કુલપતિ મુનશીજી અને ડૉ. બી.રામકૃષ્ણરાવ બન્ને મહાન મિત્રો હતા. જ્યારે મુનશીજી હૈદરાબાદમાં નિઝામના ભારતના એજન્ટ જનરલ હતા અને ડૉ.રાવ, સ્વામી રામાનંદતીર્થ તથા અન્ય દેશભક્તો સાથે હૈદરાબાદમાં નિઝામ સાથેના સંઘર્ષથી હતાશ હતાં.

ડૉ. રામકૃષ્ણરાવ જ્યારે પણ મુંબઈની મુલાકાત લેતા ત્યારે મુનશીજીને ભારતીય વિદ્યા ભવનમાં બોલાવતા હતાં. તે ડૉ. રાવ થકી જ અમને બાબાની મહાનતાની અને તેમના મહાન મિશનની પ્રથમ ઝલક જોવા મળી હતી.

પ્રથમ સત્ય સાઈ વર્લ્ડ કોન્ફરન્સ સન ૧૯૬૮ માં તાઃ૧૦ થી ૧૨ મે દરમ્યાન મુંબઈના અંધેરી ઉપનગરીય વિસ્તારના ભારતીય વિદ્યા ભવનના કેમ્પસમાં યોજાઈ હતી. બાબાએ બે સંગઠન 'સાઈ અને ભવન'ની સરખામણી 'ગંગા-યમુના'ના સંગમ સાથે કરી. ત્યારથી જ બાબાએ મધ્ય મુંબઈની ચોપાટીના ભવનને અને અમારા અંધેરી કેમ્પસને તેમની ઘણી મુલાકાતોથી પવિત્ર કર્યા છે.

જો કે મારી પ્રશાંતિ નિલયમની પ્રથમ યાત્રા અને બાબા સાથેનો વ્યક્તિગત ઈન્ટરવ્યુ તો વિજ્યાદશમી ૧લી ઓક્ટોબર ૧૯૬૮ ના રોજ નિયત હતો. ત્યાર પછી તો ઘણીવાર મને પુટ્ટપર્તિ, વ્હાઈટફીલ્ડ (બેંગ્લુરુ) અને મુંબઈમાં બાબાના ચરણકમળ પાસે બેસવાના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. એમાં સૌથી છેલ્લો પ્રસંગ હતો ૧૨ મી મે ૧૯૭૯ ના રોજ મુંબઈમાં પેન્ટ હાઉસ, એક્સપ્રેસ ટાવર્સ ખાતે, જ્યારે બાબા બિમાર લોકમાન્ય જયપ્રકાશ નારાયણને દિલાસો અને આશીર્વાદ આપવા માટે મુંબઈની મુલાકાતે આવ્યા હતાં.

બાબા સાથેની દરેક મુલાકાતો અવિસ્મરણીય, અવર્ણનીય, શાંતિ અને આનંદનો પ્રસાદ, મન

ઉપર એક અમિટ છાપ છોડીદે છે. બાબા સાથેના આવા સત્સંગો વ્યક્તિના અહંકારને દૂર કરવામાં મદદ કરે છે અને વ્યક્તિની નબળાઈઓ અને મર્યાદાઓનું રૂપાંતર કરવામાં મદદ કરે છે. તેમ છતાં જગ્યાના અભાવને કારણે મને મળેલા સત્સંગોમાંથી હું કેટલાક જણાવીને સંતોષ માનીશ.

**૧) ૩૦ ડિસેમ્બર ૧૯૭૦ મુનશીજીનો ૮૪ મો જન્મ દિવસ.**

મને અંધેરીના ધર્મક્ષેત્રથી ચોપાટીના ભવન સુધી બાબાની સાથે અંગરક્ષક તરીકે રહેવાનો લાભ મળ્યો. ૪૫ મિનિટની ડ્રાઈવ દરમ્યાન બાબાએ કેટલાક સત્યો તેમની શૈલીમાં સમજાવ્યા. કુલપતિનો ઉલ્લેખ કરતા બાબાએ ટિપ્પણી કરી, "મશીન સારું છે, તે સારી રીતે કામ પણ કરે છે. પરંતુ તે જૂનું થઈ ગયું છે અને તૂટી ગયું છે. તે ૪ થી ૬ અઠવાડિયા જેટલા સમયમાં બંધ પડવાની શક્યતા ખરી."

જ્યારે બાબા મુનશીજીને તેમની માંદગીના બિછાને મળ્યા ત્યારે મુનશીજીએ તેમને (બાબાને) પોતાનાં દીર્ઘાયુષ્ય કે કૌટુંબિક બાબતે ક્યારેય કોઈ પ્રશ્ન પૂછ્યો નહિ પરંતુ તેમની એક માત્ર ચિંતા ભવન અને તેનાં ભવિષ્યની હતી. બાબાએ ભારપૂર્વક કહ્યું, "ભવનની સ્થાપનામાં તમારો સંકલ્પ શુદ્ધ અને નિઃસ્વાર્થ હતો અને એ જ ભાવનાથી તમે ભવનની સંભાળ પણ લીધી છે. તમે સાચું જ કહ્યું છે તે ભગવાનનું કાર્ય છે. હું તમને આશ્વાસન અને ખાતરી આપું છું કે આ ભવન ખૂબ વિકાસ પામશે અને ભારતમાં તથા ભારતની બહાર સાંસ્કૃતિક હેતુ માટે વધુ ને વધુ ઉપયોગી સેવા આપશે".

**૨)** ૧૯૭૧ માં એક પ્રિય અને સન્માનનીય વડીલ, પ્રતિષ્ઠિત શિક્ષણવિદ અને તત્વજ્ઞાની, ભવનના દિલ્હી કેન્દ્રના ભૂતપૂર્વ ડિરેક્ટર અને હું પુટ્ટપર્તિ યાત્રા પર ગયા. અમે બેંગલુરુથી વહેલી સવારે ૩.૦૦ વાગ્યે કારમાં નીકળ્યા જેથી સવારે ૬.૦૦ વાગ્યા સુધીમાં પુટ્ટપર્તિ પહોંચી શકાય.

૩ કલાકની ૧૦૦ માઈલની મુસાફરી દરમ્યાન અમે અન્ય બાબતો ઉપરાંત વેદાંત પર ભવનમાં સંશોધન કરવા માટે પરોપકારી વ્યક્તિ દ્વારા આપવામાં આવતા દાન સ્વીકારવાની સલાહ ઉપર ચર્ચા કરી. ભવન હંમેશા સાંપ્રદાયિક, ધાર્મિક અને ભાષાકીય ભેદભાવની સામે મજબુતાઈથી ઉભું છે તે સંવાદિતા અને એકતાને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે. મહાન વ્યક્તિઓના અતિશય ઉત્સાહી અનુયાયીઓના કટ્ટરપંથી ઉત્સાહને ધ્યાનમાં રાખીને અમને એક ચિંતા હતી કે દાનની સ્વીકૃતિથી અજાણતા જ કોઈ નિરર્થક વિવાદ ઉભો ના થઈ જાય. જો કે પુટ્ટપર્તિ પ્રશાંતિ નિલયમ પહોંચતા પહેલા અમે, ભવનની કારોબારી સમિતિને દાન સ્વીકારવાની સૂચના આપવા સર્વાનુંમતે નિર્ણય કર્યો હતો. ત્યાર પછી અમે બીજી ઘણી બાબતો પર ચર્ચા કરી અને જ્યારે અમે પુટ્ટપર્તિ પહોંચ્યા ત્યાં સુધીમાં તો અમે દાનની ઓફર વિશે બધું જ ભૂલી ગયા હતાં.

અમે સવારે ૬.૦૦ વાગ્યે પુટ્ટપર્તિ પહોંચ્યા. હંમેશની જેમ જ દૂર દૂર ભક્તોની ભીડ હતી. અમે પહોંચી ગયાનો સંદેશ બાબને મોકલ્યો. બાબાએ સંદેશવાહકને કહ્યું કે તેઓ સવારે ૩.૦૦ વાગ્યાના નીકળ્યા છે, તેઓએ પાણી પણ પીધું નથી. પહેલાં તેમને ચા-નાસ્તો કરાવો અને પછી મને મળવાનું કહો.

અમે બાબાની પવિત્ર હાજરીમાં અંદર પ્રવેશ કર્યો, અમે તેમને પ્રણામ કર્યા. તેમણે અમારી પીઠ પ્રેમથી થાબડી અને અમને બેસવા કહ્યું. ભવન વિશેની પૂછપરછ કર્યા પછી વિશાળ સ્મિત સાથે તેમણે કહ્યું, "કેટલાક લોકો એવું વિચારે છે કે અદ્વૈત અને વિશિષ્ટાદ્વૈતના આદિશંકરાના અનુયાયીઓ અને શ્રી રામાનુંજના અનુયાયીઓ સાથે કામ કરી શક્તા નથી. ખરૂંને? આ બિલકુલ ખોટું છે.

અમે તો સ્તબ્ધ થઈ ગયા તેઓને કઈ રીતે ખબર પડી કે અમે થોડાક કલાક પહેલાં કારમાં શું ગોપનીય ચર્ચા કરી હતી?

બાબાએ કહ્યું, ''શૈવપંથી લોકો તેમના ઈષ્ટદેવતા શિવને પશુપતિ તરીકે વધાવે છે. જ્યારે વૈષ્ણવો તેમના ઈષ્ટદેવતાને ગોપાલ તરીકે વધાવે છે. તો શું પદાર્થના તત્વમાં કોઈ ફેર ખરો? પછી તેમના લાક્ષણિક સ્મિત સાથે બાબાએ પૂછ્યું, "તમારા મિત્રનું નામ શું છે?" મેં જવાબ આપ્યો, "પ્રોફેસર શંકરનારાયણન્".

"શું તો તેમનું નામ એ નથી દર્શાવતું કે શંકરા અને નારાયણન એક જ છે?" દ્વૈત અને અદ્વૈત. શિવ અને વિષ્ણુ (વૈષ્ણવ) વચ્ચે કઈ રીતે તફાવત હોય શકે?" બાબાએ કહ્યું.

**<u>૩) નાતાલનો દિવસ-૨૫ ડિસેમ્બર ૧૯૭૨:</u>**

ગુજરાતના એક વેપારી પુત્ર કે જેમણે પૂર્વ આફ્રિકામાં તેમની અથાગ મહેનતથી ઉદ્યોગ સ્થાપીને પોતાનું નસીબ બનાવ્યું હતું. કેટલાક વર્ષો અગાઉ તે એક વખત આવ્યા અને મને ભવનમાં મળ્યા. એક એવો માણસ જેના રોમ-રોમમાં ધનસંપત્તિ જ હતી. મને એવી અપેક્ષા હતી કે તેને આંતરિક આનંદ પણ હશે. પરંતુ અફસોસ કે એવું કાંઈ જ હતું નહિ. અમારી વાતચીત દરમ્યાન હસતાં હતાં પણ એમનું હાસ્ય ખોખલું જણાતું હતું. હકીકતમાં તેમાં તેમનાં અંદરના ઊંડા દુઃખનો પડઘો જણાતો હતો. મેં તેમની પૂછપરછ કરી કે શું તેમને કોઈ ઊંડી ચિંતા સતાવી રહી છે? તે ખુલ્લા થયાં અને મને કહ્યું, "મારે એક યુવાન દીકરો છે. તેઓ સહેલાઈથી વાત કરી શક્તા નહોતા. ધીમે ધીમે મને ખ્યાલ આવ્યો કે તેઓ ખૂબ જ વ્યથિત છે. કારણ કે તેનો દિકરો ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયો હતો. તે ત્યાં હિંદુ ધર્મને છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે તૈયાર હતો.

માતા-પિતાના યુવાનને સમજાવવાના બધા પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા. હિંન્દુ ધર્મના હજારો દેવી-દેવતાઓ તેને આકર્ષિત કરી શક્યા નહિ. જે અતાર્કિક લાગે છે. સજ્જને, તેના દિકરાને હિન્દુ ધર્મ તરફ પાછો વાળવા માટે મારી મદદ માંગી.

મેં તેમને સમજાવ્યા કે આપણાં પૂર્વજોએ બાળકોને ૧૬ વર્ષ પછી સ્વતંત્ર ગણવાની વાતચીત કરી છે. આથી તેની સાથે કોઈ પણ જાતનું દબાણ કરવું યોગ્ય નથી. યુવાનના અવિચારી મનને આઘાત લાગી શકે છે. આમ, મેં મુંઝાયેલા અને આશ્ચર્યચકિત થયેલ સજ્જનને યુવાન ઉપર નિર્ણય ન ઠોકી બેસાડવા પર ભાર મૂક્યો. મેં તેમને કહ્યું કે ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ જે માર્ગ અપનાવ્યો છે. તે જ માર્ગ અપનાવો. શ્રી કૃષ્ણએ અર્જુનને મુંઝવણ હતી ત્યારે બધું જ જ્ઞાન આપ્યું. પછી શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યું કે હવે તને જે યોગ્ય લાગે તે કર. તે રીતે તમે પણ તમારા દિકરાને આ બાબતે ગુણ-દોષ દ્વારા સમજાવો અને પછી તેને પણ જે યોગ્ય લાગે તે કરવા જણાવો.

જો કે મેં ચિંતિત પિતાને સૂચન કર્યું કે તમારો દિકરો કોઈ જાણીતા ધાર્મિક નેતાને રૂબરૂ મળે તો તે તેને હિંદુ ધર્મ વિશે સાચી અને સારી સમજ આપી શકે. મારી વાત સાથે સંમત થઈ પિતાએ તેના પુત્રને વિનંતી કરી કે તેણે આપણાં દેશના કોઈ સારા ધાર્મિક વડા સાથે ચર્ચા કરવી જોઈએ. બે જાણીતા સ્વામીજી સાથે પુત્રએ ચર્ચા પણ કરી તેમ છતાં તેનું મન બદલાયું નહિ. આ દરમ્યાન મેં પણ તેમના દિકરાને ભવનના પ્રકાશિત થોડા પુસ્તકો વાંચવા આપ્યા જેથી તે હિન્દુ ધર્મને સમજી શકે.

નસીબ જોગે, તે સમયે બાબા પણ મુંબઈમાં હતાં. અને નાતાલના દિવસે સ્વામી ધર્મક્ષેત્રમાં શાંતિના દૂત ઈસુખ્રિસ્ત પર જ બોલવાના હતાં.

મેં ચિંતિત પિતાને સૂચન કર્યું કે તેમણે તેમના દિકરાને બાબાની સભામાં લઈ જવો જોઈએ. કદાચ તેનાથી તેનું મન બદલાય જાય. પહેલા તો વાત કરી તો યુવાને ખાસ ઉત્સાહ ન બતાવ્યો પણ ઘણું સમજાવ્યા બાદ તે હાજર રહેવા સહમત થયો. હું, યુવાન અને તેના માતા-પિતા કારમાં બેસી ધર્મક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું. 'સત્યદીપ' માંથી સ્વામી બહાર આવ્યા. નીચે પંડાલમાં આવીને વિશાળ સમારોહમાં ગયા. પછી તેમણે ખ્રિસ્તી ધર્મના

પવિત્ર ઉપદેશ અને નાતાલના મહત્વ ઉપર બોલવાની શરૂઆત કરી.

જ્યારે બાબાનું ભાષણ પૂરું થયું ત્યારે યુવાન ઉત્સાહમાં આવીને મને ભેટી પડ્યો. અને કહ્યું, "જ્યારે મેં બાબાને જોયા તો તેમની બાળક જેવી સરળતા અને દિવ્ય પ્રેમ, તેમની ધર્મ પ્રત્યેની સંપૂર્ણ સ્વતંત્રતા જોઈને મારું હૃદય કંપી ગયું. જ્યારે હું તેમનો સંદેશ સાંભળી રહ્યો હતો ત્યારે મારું મન સ્થિર હતું. મારી બધી શંકાઓ દૂર થઈ ગઈ. હવે મને સમજાયું કે હિન્દુ ધર્મ સર્વવ્યાપક અને સર્વગ્રાહી છે. અને તે તમામ ધર્મોની માતા છે. મને ખાતરી થઈ ગઈ છે કે તમામ ધર્મનો સાર એક જ છે. સાચા હિન્દુ બનવું મહત્વનું છે. જેને કોઈ સમજાવી ના શક્યા એ બાબાના ભાષણથી સમજી ગયા. આ દૈવી ચમત્કાર નથી તો બીજું શું કહેવાય?

૪) મેં વારંવાર વિચાર્યું છે કે શું મહાનતા એ જ દિવ્યતા છે? માણસે તેની અજ્ઞાનતા અને ઘમંડમાં ઘણાં બધાં માપદંડો દ્વારા મહાનતાને ઓળખવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ તેમાં સફળતા મળી નથી. પરંતુ જ્યારે આપણે બાબા સમક્ષ હોઈએ છીએ ત્યારે આપણે ઉત્કૃષ્ટ મહાનતા અનુભવીએ છીએ. આપણી આસપાસ જે બધી શંકાઓ, વાદ-વિવાદો જેવી ક્ષુલ્લક બાબતો જે આપણને પરેશાન કરે છે તે બધું જ બાષ્પીભવન થઈ જાય છે. આપણે દિવ્યતા અનુભવીએ છીએ. એમની તેજસ્વી આભા આપણને ઠંડક આપે છે, તે નરી આંખે જોઈ શક્તી નથી પણ અનુભવાય છે.

શ્રી સત્ય સાઈ બાબા એક સૌમ્યમૂર્તિ છે. આ સનાતન સારથિના તેજસ્વી, દયા અને કરૂણાસભર, સુખ અને દિલાસો આપતા ચહેરાને જોઈને શાંતિ મળે છે. તેમના પ્રેમાળ શબ્દો બધી શંકાઓને દૂર કરે છે. તેમની પાસે એક એવી દિવ્ય શક્તિ છે જેમાં કરૂણા અને પ્રેમની મધુરતા છે. બાબા એ મધુરતા અને પ્રકાશનું એક અનન્ય સૂમેળભર્યું અને સંકલિત મિશ્રણ છે. જેમાં વેદ, ઉપનિષદ, મહાકાવ્યો અને પુરાણોનો ભાવાર્થ બધું જ સામેલ છે. જે પછી આદિશંકરાચાર્યની બૌદ્ધિકતા, હોશિયારી કે ઉદારતા હોય, કે પછી શ્રી રામકૃષ્ણ પરમહંસનું સીધાપણું, સર્વગ્રાહીપણું, સ્પષ્ટતા કે સરળતા હોય.

જેમ બાબા આપણને વારંવાર યાદ કરાવે છે કે આપણી માતૃભૂમિ એ એક પુણ્યભૂમિ છે. ભગવાન શ્રી કૃષ્ણએ ગીતામાં ઘોષણા કરી છે કે સમયે-સમયે ધર્મની રક્ષા કરવા માટે તે માનવ તરીકે અવતાર લેશે. આ દિવ્ય ઘોષણા પરિપૂર્ણતામાં છે કે ભારતને અવતાર પુરૂષોના અખંડ આશીર્વાદ પ્રાપ્તછે. આ અવતાર પુરૂષોએ ભારતને તેના અગણિત, અમૂલ્ય ખજાનાની સાતત્યતા જાળવવા માટે સક્ષમ બનાવ્યું છે. આપણો સનાતન હિન્દુ ધર્મ ૫૦૦૦ વર્ષ કે તેથી પણ વધુ સમયથી ચાલતો આવ્યો છે. જ્યારે ગ્રીસ, બેબીલોન અને રોમ જેવી પ્રાચીન સંસ્કૃતિઓ નાશ પામી છે.

બાબા પાસે અવતારોના બધા જ લક્ષણો જેવા કે સૌલભ્ય(સરળતાથી ઉપલબ્ધ) અમનુષ્યતા (મનુષ્યથી ઉપર) સૌશિલ્ય (સુશીલતા) વિગેરે. તેમના શબ્દો ગૂઢ અર્થ અને વૈદિક શાણપણથી ભરેલા હોય છે. તેઓ ન્યાયી જીવન, નામ સંકીર્તન, સત્સંગ, લગ્નની પવિત્રતા અને પારિવારિક જીવન ઉપર ભાર મૂકે છે. આ બધા આ કળિયુગમાં વ્યક્તિગત મુક્તિ અને રાષ્ટ્રીય મુક્તિ માટે અત્યંત અનિવાર્ય છે.

પૂજ્યપાદ શ્રી સત્ય સાઈબાબા સનાતન ધર્મના પુનરૂત્થાન અને પુનર્જીવિત કરવા માટે આપણી વચ્ચે આવ્યા છે. બાબાની શક્તિ અદભુત છે. તેમને આંખો દ્વારા જોવાનો (દર્શનનો), તેમના સમયમાં આપણને જીવન પ્રાપ્ત થવાનો અને તેમના દ્વારા પ્રેરિત માર્ગદર્શન મળવાનો, એમ ત્રણ પ્રકારે આપણને આશીર્વાદ પ્રાપ્ત થયેલ છે.

**સ્રોતઃ ગોલ્ડન એજ ૧૯૭૯**
**લેખક - ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત 'ભવન્સ જર્નલ' ના તંત્રી હતા.**

# સાઈ – અમારું એકમાત્ર આશ્રયસ્થાન

ડૉ. જી. એસ. શ્રીરંગરાજન

મેં આ લેખનું મથાળું આપ્યું છે- " સાઈ અમારું એક માત્ર શરણ-આશ્રયસ્થાન " કારણ, મને લાગ્યું કે આજના સમયમાં આ જ એકમાત્ર સુસંગત વિષય છે. કેવી રીતે આપણે ખૂબ જ અભૂતપૂર્વ સમય દરમ્યાન ભગવાનના ચરણ કમળને વળગી રહીએ કે જેનો આ પૃથ્વી પર આપણે બધા અનુભવ કરીએ છીએ? મને ભગવાનના અવતરણો થી જ શરૂઆત કરવા દો, જેથી એમના શબ્દો લેખને સુસંગત થશે.

**ભગવાનને કદી ભૂલશો નહીં.**

"જે કાંઈ સમૃદ્ધિ અને સંપત્તિ તમે મેળવો, તમારી પાસે જે કાંઈ સુખ-સગવડો અને વૈભવ હોય, લોકો કદાચ ગાંડા સમજી તમારી ટીકા કરે અથવા તમારી પ્રશંસા કરે, કોઈ પણ પરિસ્થિતિમાં ભગવાનને કદી ભૂલશો નહીં, કારણ ફક્ત ને ફક્ત એક જ ભગવાન છે.

દુષ્ટ લોકો કદાચ તમારી ટીકા કરે કે તમે દોષરહિત રહો, ગમે તે મુશ્કેલીઓ તમે સહન કરો, ગમે તે રોગ તમારા શરીરમાં હોય, કોઈ પણ સંજોગોમાં ભગવાનને કદી ભૂલશો નહીં, કારણ ફક્ત અને ફક્ત એક જ ભગવાન છે.

તમે યોગની પ્રેકટિસ ભલે કરો, તમે ભગવદ્ ભક્તોને ભલે મળો, તમે ગમે તે મુશ્કેલીઓનો સામનો કરો, તમને બીજાઓ વિદ્વાન તરીકે માને કે પાપી તરીકે દોષ આપે, ગમે તે સંજોગોમાં કદી ભગવાનને છોડશો નહીં, કારણ ફક્ત અને ફક્ત એક જ ભગવાન છે.

ગમે તે શિક્ષણ તમે મેળવો, ગમે તેવી શિષ્યવૃત્તિ તમે પ્રાપ્ત કરો, તેનો કદી ગર્વ કરશો નહીં. હંમેશા વિનમ્ર રહો અને સત્યને ઓળખો કે ફક્ત અને ફક્ત એક જ ભગવાન છે અને કદી પણ ભગવાનમાંથી શ્રદ્ધા છોડી દેશો નહીં."

મને ખાતરી છે કે આજના સંદર્ભમાં જો ભગવાને આ કવિતા ગાઈ હોત, તો તેમણે આ પંક્તિ ઉમેરી હોત, " ધારો કે કોરોના વાયરસ આવે તમને અસર કરે, કે પછી મ્યુકરમાઈક્રોસીસ તમને સંક્રમિત કરે તો પણ કદી ભગવાનને ભુલશો નહીં, ફક્ત ને ફક્ત એક જ ભગવાન છે."

**ભગવાન રામ અને હનુમાન.**

ભગવાન હનુમાનને સ્વામી જોડે ખાસ સંબંધ છે. મારે ભગવાન હનુમાનનો આ અત્યંત પ્રિય શ્લોક ટાંકવો છે કે જેને ભગવાને પણ વારંવાર ટાંક્યો છે. આ શ્લોક આ લેખના માળખાના સ્વરૂપને પ્રદાન કરશે. એકવાર ભગવાન શ્રીરામે હનુમાનને પુછ્યું, "તારા મારી" જોડેના સંબંધ શું છે ?હનુમાને આ રીતે જવાબ આપ્યો:

દેહબુધ્યા તુ દાસોહં - શરીરથી, હું તમારો સેવક છું.જીવબુધ્યા ત્વંનાશકા- મનથી, હું તમારી ચિનગારી છું.આત્મબુધ્યા ત્વમેવહમ - આત્માથી, હું તમારી સાથે એક જ છું.

"જો હું વિચારું કે હું શરીર છું અને મારા શરીર સાથે સંકળાયેલો છું, તો હું તમારો "સેવક" છું. જો હું મારા મનથી તમારી સાથે સંકળાયેલો રહું, તો હું તમારી ચિનગારી છું, હું તમારું પ્રતિબિંબ છું, હું તમારા પડછાયા જેવો છું. તેમ છતાં જો હું મારી સાચી ઓળખ તમારી સાથે જોડું, તો "તમે" અને "હું", "હું" અને "તમે" એક જ છીએ." ભગવાન ઘણી બધી વાર આ શ્લોકને વર્ણવતા અને કહેતા કે આ જ રીત છે જેનાથી ભક્તનો ભગવાન સાથેનો નાતો હોવો જ જોઈએ.

આમાંના દરેક સ્તરે ફરજ છે, જવાબદારી છે, ઉપકાર છે, જે દરેક ભગવાનના ભક્તે પૂર્ણ કરવાની છે, ખાસ કરીને આ મહામારી ના સમયગાળામાં.

**શરીર તરીકે હું તમારો સેવક છું.**

"સ્વામી હું તમારા મહાન તત્વજ્ઞાનને સમજી શકતો નથી. હું માનું છું કે હું શરીર છું. કદાચ આ બધી ભ્રમણા છે. છતાં હું તેની સાથે ઠીક છું. આ શરીર તરીકે હું તમારું સાધન છું. હું તમારો સેવક છું. તો પછી મારે શું કરવાનું?" એનો જવાબ ભગવાનના પોતાનામાં જ છે. તે શ્રી સત્ય સાઈ (એસ.એસ.એસ.) છે.

શ્રી સત્ય સાઈ (એસ.એસ.એસ.) માં પ્રથમ "એસ" શરીર સાથે સંકળાયેલ છે. તેનો અર્થ "સેવા" થાય છે. કયા પ્રકારની સેવામાં આપણે રોકાયેલા રહેવું જોઈએ ? ભગવાન સ્પષ્ટપણે જણાવે છે કે જીવનમાં આ બંને નિર્ણાયક છે- "માનુષા પ્રયત્નમ્-માણસના પ્રયત્નો" અને " દૈવ અનુગ્રહમ-ભગવાનની કૃપા." આપણે આપણાં ઘરમાં બેસીને એવું ન કહેતા રહીએ કે, "સ્વામી કાળજી રાખશે, સ્વામી કાળજી રાખશે." મહામારી દરમ્યાન કેટલાક ભક્તો બધા જ કોવિડના નિયમોનું ઉલ્લંઘન કરે છે: માસ્ક પહેરતા નથી, દો ગજ કી દૂરીનું સામાજીક અંતર જાળવતા નથી અને કહેતા રહે છે કે "સ્વામી અમારી કાળજી રાખશે." છેવટે, જ્યારે કંઈક અઘટિત ઘટના બને છે, ત્યારે આપણે સ્વામીને દોષ દઈએ છીએ. આ યોગ્ય નથી. ભગવાન કદી પણ આપણી પાસે એવી અપેક્ષા રાખતા નથી કે આપણે દેશના નિયમોની અવગણના કરીએ, વૈજ્ઞાનિક સમાજે જે રાજદ્વારી શિષ્ટાચાર લાદેલા છે તેની અવગણના કરીએ તેથી, માનવીય સ્તરે જે જરૂરિયાત આપણે પૂરી કરવાની છે, તેનું આપણે બિનચૂક પાલન કરવું જ જોઈએ. આપણે કોવિડના શિષ્ટાચાર જેવા કે સામાજિક અંતર જાળવવું, માસ્ક પહેરવું, વેક્સિન લેવી વગેરેનું ચુસ્તપણે પાલન કરવું જ જોઈએ. છતાંપણ, આપણે એ યાદ રાખવાની જરૂરિયાત છે કે આ બધાં કામો ભગવાનની કૃપાથી કરવાનાં છે. માનવીય પ્રયત્નો અને ભગવાનની કૃપા હંમેશાં હાથમાં હાથ રાખીને આગળ વધે છે.

**ભગવાન કૃષ્ણ અને અર્જુન.**

કેટલાક લોકો પોતાની જાતે કશું કર્યા વિના જ ભગવાનની પ્રાર્થના કરતા રહે છે. આ જરીકે યોગ્ય અભિગમ નથી. હવે આપણે એવી વ્યક્તિનો દાખલો જોઈએ કે જે વિચારે છે કે તે પોતે કંઈ પણ કરી શકે છે અને તેમને ભગવાનની કૃપાની કોઈ જરૂર જ નથી. એમાં કેટલી વૈચારિક સામ્યતા છે કે વેક્સિન લેવાથી આપણી બધી જ સમસ્યા હલ થઈ જશે. એ વિચારે કે મારો મિત્ર ડૉક્ટર છે તેથી હું કોઈપણ સમયે હોસ્પિટલમાં દાખલ થઈ શકું છું અને તે મારી સારવાર કરશે એટલે હું સલામત છું. આ જરૂરી છે, પરંતુ પર્યાપ્ત અભિગમ નથી. જો વેક્સિન જ કામ કરતી હોય કે દવા એ જ કામ કરવાનું છે, તેને માટે પણ, ભગવાનની કૃપા જરૂરી તો છે જ. તેઓ કહે છે કે, દવા સારવાર આપે છે પરંતુ સારું તો ભગવાને જ કરવાનું છે. કોરોના વાયરસ આપણને અસર ન કરે તેની ખાત્રી કરવા માટે કોવિડના બધા શિષ્ટાચારના પાલન સાથે ભગવાનની કૃપાની પણ જરૂર છે.

આ વાર્તા પાંડવોના ભાઈ અર્જુનની છે. દ્રૌપદીના સ્વયંવર દરમ્યાન એના પિતાજીએ દ્રોપદીનું પાણીગ્રહણ કરવા માગતા કોઈ પણ પુરુષ માટે અનોખી શરત મૂકી હતી. તે શરત કઈ હતી? જે કોઈ પુરુષ તેણીનું પાણીગ્રહણ કરવા માંગતો હોય તેણે ચોક્કસપણે આપેલ લક્ષ્ય પર તીર મારવાનું હતું પરંતુ એ એટલું સરળ નહોતું. લક્ષ્ય સોનાની ગોળ માછલી હતી. તે એક સ્તંભ પરના ચક્ર ઉપર ફરતી રહેતી હતી. તીરંદાજે માછલીની આંખને બરાબર વીંધવાની હતી. આટલું જ નહીં, પરંતુ જટિલતા ઉમેરવા માટે, તીરંદાજે સીધું જોઈને

તીર મારવાનું નહોતું તેને બદલે તેણે કુંડમાં ભરેલા પાણીમાં પ્રતિબિંબ જોવાનું હતું. જે ચક્ર ઉપર માછલી ફરી રહી હતી તેનું પ્રતિબિંબ જોઈને તીર મારવાનું હતું. તે તીર માછલીની આંખને જ વિંધતું હોવું જોઈએ. આ એક જબરદસ્ત પડકાર હતો. પરંતુ મહાન બાણાવળી અર્જુન માટે મુશ્કેલ કાર્ય નહોતું. ત્યાં એકત્ર થયેલા ઘણા બધા રાજકુમારો આ કાર્યમાં નિષ્ફળ ગયા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ઈશારો કરીને આગળ વધવા જણાવ્યું. અર્જુન વિજેતા બનવા માટે અત્યંત આત્મવિશ્વાસુ હતો અને બહાદુરીપૂર્વક આગળ વધ્યો. ભગવાન શ્રીકૃષ્ણે તેમને ઈશારાથી કહ્યું કે, "અર્જુન, તું ચિંતા ન કર. તને મારી "કૃપા" છે." આ જોઈને અર્જુનને રમુજ થયું. આવા સરળ કાર્ય માટે ભગવાનની કૃપાની જરૂર નથી. કારણ કે અર્જુન માટે આ કેટલોક-સરળ કાર્ય-હતું. અર્જુનના વિચારોને પામી જઈને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, "અર્જુન તને ગર્વ છે કે તું સહેલાઈથી એક ફરતી માછલીનું પ્રતિબિંબ જોઈને તેની આંખને વિંધી શકે છે. પરંતુ, ધારો કે જોરદાર પવન ફૂંકાય અને પાણીમાં તરંગો પેદા થાય તો? તો પછી તું સ્પષ્ટ પ્રતિબિંબ કેવી રીતે જોઈ શકશે? શું તુફાની પવનને અટકાવવાનું કામ તારા હાથમાં છે? બધાં જ તત્વો મારા કાબૂમાં છે, હું તને ખાત્રી આપું છું કે પવન ન ફૂંકાય. આગળ વધો અને વિજય પ્રાપ્ત કરો." ત્યારે અર્જુન વિનમ્ર બન્યો.

આથી જ આપણે "સ્વામી" જોડે હાથમાં હાથ પરોવીને કામ કરવાનું છે. આપણે આપણાં પ્રયત્નો રજુ કરીએ અને સ્વામી કહેશે, "હા, હું ત્યાં તમારી સાથે છું. આગળ વધો. ચાલો તે આપણે ભેગા મળીને કરીએ." આ માનસિકતા સાથે જ આપણે "સેવા"માં જોડાવાનું છે. જો આપણે ડોક્ટર હોઈએ, સ્વાસ્થ્ય કર્મીઓ હોઈએ તો આપણે પ્રથમ હરોળના વ્યક્તિ બની શકીએ. નહીં તો આપણે એવી સેવા કરી શકીએ કે: હોસ્પિટલમાં દર્દીઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડવા, ઓક્સિજન સિલિન્ડરની ગોઠવણ કરવી, જરૂરિયાત મુજબની દવાઓ દર્દીઓને લાવી આપવી વગેરે. જો તમારે "સેવા" જ આપવી હોય તો ઘણી બધી સીધી કે આડકતરી સેવાઓ ઉપલબ્ધ છે. આપણે આપણી શક્તિ પ્રમાણે કાર્ય કરી શકીએ-યથાશક્તિ. આપણાં જે મિત્રો યાતના ભોગવી રહ્યા છે, તેવી વ્યક્તિઓ માટે આપણું દિલ પીગળવું જ જોઈએ. આ મહામારીના અનોખા પડકારમાં આપણે એકલા જ નથી. આપણે બધા સ્વામીજી જોડે ભેગા મળીને લડત ચલાવીએ છીએ. આપણે આપણાં સાથી મિત્રોની સેવા કરવાની છે. "પરોપકારાર્થમ્ ઈદમ શ્રીરામ"- આપણું માનવ શરીર અન્યનું ભલું કરવા માટે બન્યું છે. જો આપણે કોઈપણ પ્રકારની સેવામાં ન જોડાઈએ, તો આપણે પાપી કહેવડાવીશુ. જ્યારે ઘણા બધા લોકો મૃત્યુ પામી રહ્યા છે, ત્યારે આપણે હજી કેમ જીવતા છીએ? શા માટે ભગવાને આપણને આ જીવનની ભેટ આપી છે ? એમાં ઉમદા હેતુ રહેલો છે અને આપણે આ "સેવા"ના સાદને પ્રતિભાવ આપવો જ જોઈએ.

**<u>ભગવાનની કૃપા આકર્ષે છે.</u>**

આપણે જ્યારે સેવા કરીએ છીએ, ત્યારે શું થાય છે? આપણે ભગવાનની કૃપાને આકર્ષીએ છીએ. ભગવાન એને સાદી રીતે રજુ કરે છે. તેઓ કહે છે, "મારી કૃપા હંમેશા ત્યાં છે. સેવા કરવા માટે ભગવાનને ખાસ પ્રાર્થના કરીને એમની કૃપા મેળવવાની જરૂર નથી. મારી કૃપા હવા કે પવન જેવી છે કે જે હંમેશા ફૂંકાતી રહે છે. છતાંપણ, જેમ કે સહેલગાહે નીકળેલી બોટે એનું સઢ ફરકાવવું પડે છે કે જેથી તે પવનનો પ્રવાહ પ્રાપ્ત કરી શકે અને તેની બોટ સહેલાઈથી હંકારી શકે. તેથી તમારે પણ

તમારા સઢરૂપી મગજને "મારી કૃપા" મેળવવા માટે ખુલ્લું રાખવું પડે છે." બોટની સફર પવનની સંભવિત ઉર્જાને પકડે છે અને તેને ગતિશીલ ઉર્જામાં રૂપાંતરિત કરે છે અને હોડીને આગળ લઈ જાય છે.

તેમની કૃપાના હંમેશાં પ્રવર્તમાન પવનને આકર્ષવા માટે આપણે આપણી જીવનનૌકાના શઢને ફરકાવવાની જરૂર પડે છે. જે પ્રતિકાત્મક કર્મમાં રોકાયેલા રાખે છે, ખાસ કરીને સેવાની પ્રવૃત્તિઓમાં. આપણે ભગવાનને ઉલ્લેખ કરતા સાંભળ્યા છે કે- જ્યારે જ્યારે ભગવાને તેના ભક્તને બચાવવા આવવું પડે છે અથવા તેને/તેણીને તેમણે કોઈ આપત્તિમાંથી બચાવવા હોય, ત્યારે ભગવાન ધાર્મિક માળખાના વ્યક્તિના જીવનના ખાતાનું પૃથક્કરણ કરે છે. જેમાંથી કોઈક નાનું સારું કાર્ય શોધી કાઢે છે કે જે તેણે/તેણીએ કર્યું હોય. આ રીતે તે દૈવી કૃપા મેળવી શકે છે. નહીંતર, ભગવાન ક્યારેય આપણા જીવનમાં દખલગીરી કરતા નથી. એમણે આપણને આ જીવનમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે, સંપૂર્ણ લોકશાહી રીતે આપણે જે કાંઈ ભોગવીએ છીએ તે આપણાં કર્મોના પરિણામો છે. આપણે જીવીએ છીએ, આપણે કર્મો કરીએ છીએ, આપણે આનંદ માણીએ છીએ, આપણે સહન કરીએ છીએ, તેમ છતાં, કેટલાંક નકારાત્મક પરિણામો, નકારાત્મક કાર્યોમાંથી આવે છે. આપણને જીવનમાં કડવા પરિણામોનો સામનો કરવો પડે છે. આવા સમયે આપણે પ્રભુને પોકાર કરીએ છીએ. ભગવાનને પણ ભક્તનો બચાવ કરવા માટે યોગ્ય કારણની જરૂર પડે છે અને ભક્તને સ્વયં આમંત્રિત કડવાશના પરિણામોથી બચાવે છે. ક્યારે સર્જનની ધાર્મિક બ્લ્યુપ્રિન્ટ ભગવાનને તેના/તેણીના અનિચ્છનીય પરિણામોથી બચાવવા માટે મંજૂરી આપે છે ? જ્યારે ભક્ત કોઈ સેવામાં રોકાયેલા હોય, ત્યારે તે ભગવાનની કૃપાના આકર્ષણનું કેન્દ્ર બને છે. બીજાઓ માટે આપણે જ્યારે દયાના કાર્યો, નિસ્વાર્થ સેવા, પ્રેમ અને કરુણાં દર્શાવીએ છીએ, ત્યારે તે જ આપણાં જીવનમાં ભગવાનના દૈવી હસ્તક્ષેપ માટેનું કારણ બને છે. એનું પ્રાચીન ઉદાહરણ ભગવાન શ્રીકૃષ્ણનું દ્રૌપદીને આશીર્વાદ રૂપે અનંત વસ્ત્રો પૂરાં પાડવાનું છે કે જ્યારે એક પ્રસંગે દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણની લોહી નીગળતી આંગળી ઉપર એની સાડીના છેડાનો ટૂકડો ફાડીને બાંધ્યો હતો તે છે.

**<u>ભગવાનની કૃપાના ત્રણ સ્વરૂપો.</u>**

૧૯૯૪ના વર્ષમાં, એક ખાસ સાંજે, કોડાઈ કેનાલમાં, ભગવાને એમના પ્રવચનમાં અમૂલ્ય સંદેશાઓ આપ્યા હતા. તે આજના સંદર્ભમાં ખૂબ જ મૂલ્યવાન છે. તે સાંજે ભગવાન, ભગવાનની કૃપાની વાતો કરી રહ્યા હતા. સ્વામીએ કહ્યું કે ભગવાન કદી સર્જનમાં જે કાંઈ બની રહ્યું છે, તેમાં દખલગીરી કરતા નથી. વ્યક્તિના જીવનના કર્મોમાં પણ તેઓ કદી દખલ કરતા નથી. ગમે તેવી સારી કે ખરાબ પરિસ્થિતિનો માનવી સામનો કરી રહ્યો હોય તે તેમના આ જન્મના કે પાછલા જન્મના કર્મોનું પરિણામ છે. પરંતુ જ્યારે આપણે પ્રાર્થના કરીએ, આપણે સેવામાં પ્રવૃત્ત થઈએ, ત્યારે આપણે ભગવાનની કૃપાને આકર્ષીએ છીએ. આ કૃપા કેવી રીતે કાર્ય કરે છે? ભગવાને ત્રણ ઉદાહરણો આપ્યાં કે આપણે કેવી રીતે ભગવાનની કૃપા પ્રાપ્ત કરી શકીએ.

**<u>એક:</u>** જ્યારે ડૉક્ટર સર્જરી (વાઢકાપ) કરવાના હોય ત્યારે તે/તેણી દર્દીને એનેસ્થેસિઆ (નિશ્ચેતનકરણ/સંવેદનાહરણ) આપે છે એ ખાત્રી કરવા કે જેથી દર્દીને સર્જરીની પીડા ન થાય. તેવી જ રીતે, જ્યારે કોઈ વ્યક્તિને એના કર્મના કડવાં પરિણામોનો સામનો કરવાનો હોય, ત્યારે

ભગવાનનું કૃત્ય એનેસ્થેસિઆ-સંવેદનાહરણ જેવું કાર્ય કરે છે, જે દુઃખને હળવું કરે છે. જો ભક્ત ભગવાનની કૃપા આકર્ષી લે, તો એ ભગવાનનો નિશ્ચેતનાનો એક શક્તિશાળી ડોઝ (પ્રમાણ) તરીકે આવશે. વ્યક્તિએ પરિણામોમાંથી પસાર થવું પડશે પરંતુ દુઃખ સહન કરવું પડશે નહીં. પરિસ્થિતિ અને સંજોગો એટલા બધા અનુકૂળ બનાવી દેવાશે કે વ્યક્તિ પડકારમાંથી પસાર થશે, પરંતુ ખૂબ જ સરળ રીતે.

બીજું: મોટે ભાગની દવાઓની સમાપ્તિ તારીખ હોય છે. એકવાર મુદત પૂરી થાય, તો આપણે તે દવા લેતા નથી. તેમ છતાં, કેટલાક કિસ્સાઓમાં જો તે દવા લેવામાં આવે તો પણ તે નુકસાન કરશે નહીં, સાથે સાથે અસર પણ કરશે નહીં. સમાપ્તિ તારીખ દવાને બિન અસરકારક તરીકે રજૂ કરે છે. તે તેની અસરકારકતા શક્તિ ગુમાવે છે તેથી શરીર ઉપર કોઈ પ્રભાવ પાડતી નથી. ભગવાને કહ્યું કે જ્યારે ભક્ત ભગવાનની કૃપા આકર્ષે છે, ત્યારે તે કર્મોના પરિણામોને મુલતવી રાખે છે, એવી રીતે કે ભક્ત કર્મોમાંથી પસાર થાય છે, પરંતુ સમાપ્તિ તારીખ ની દવાની માફક, એની નકારાત્મક અસરને અનુભવતો નથી.

ત્રીજું: આ બે ઉપરાંત, ત્રીજો પણ રસ્તો છે કે જે ભગવાનની કૃપા નું કાર્ય કરે છે. એમણે એને "તિલોદાયકા"- ખાસ કૃપા કહ્યું છે. તે સમજાવતાં, ભગવાને એક સમરૂપતા આપી છે. તેમણે કહ્યું કે જ્યારે એક શિક્ષક વિદ્યાર્થીના પેપરોનું મૂલ્યાંકન કરતો હોય છે, ત્યારે તે/તેણી નિષ્ફળતા વિશે વિચારે છે. દા.ત. વિદ્યાર્થી ૧૦૦માંથી પાર્સિંગ ૪૦ કરતાં ઓછા માર્ક લાવે છે. ત્યારે શિક્ષક વિદ્યાર્થીના ૪૦ને બદલે ૩૯ માર્ક મેળવવાના પાંસાનો વિચાર કરશે કે તે/તેણી શું કરશે? શિક્ષક થોડો સમય મનોમંથન કરશે. શું મારું મૂલ્યાંકન એટલું બધું સચોટ છે? શું હું આ વિદ્યાર્થીને ખરેખર નાપાસ કરી શકું? શું હું એને એક વધુ માર્ક ન આપી શકું? આવા સમયે શિક્ષક નિઃશંકપણે વિદ્યાર્થીના બીજાં પાસાંઓને પણ ધ્યાનમાં લેશે. તે, કેવા પ્રકારનો વિદ્યાર્થી છે? શું તે વર્ગમાં શિસ્તમાં રહે છે? શું તે સ્વામીનો વફાદાર છે? શું તેણે શિક્ષણના આંતરિક પાસાઓનો એકાગ્રતાથી અભ્યાસ કરી અમલ કર્યો છે ખરો ? શું તે એના સાથી વિદ્યાર્થીઓની સેવા કરીને મદદરૂપ થાય છે ખરો ? જો આ બધાનો જવાબ 'હા' હોય, તો શિક્ષક આ બધાં પાસાંઓને ન્યાય આપીને તેને એક વધુ માર્ક આપી પેપરમાં પાસ કરશે. ભગવાન આને "તિલોદાયકા" -ખાસ કૃપા તરીકે સરખાવે છે. સ્વામી હંમેશા કોઈ પણ વ્યક્તિને બચાવવા આ વિકલ્પનો ઉપયોગ કરવા તૈયાર જ છે, તેઓ ભક્તે જે સેવાઓ કરી હોય કે કેટલાક ખાસ પ્રકારની કરુણાંના કાર્ય કર્યા હોય તેને શોધી કાઢે છે.

તેથી, શક્ય એટલી "સેવા"માં કાર્યરત રહેવું એ સૌથી અગત્યનું છે: બીજાઓને મદદ કરવા માટે જ નહીં, પરંતુ આપણાં કલ્યાણ માટે પણ. (---વધુ આવતા અંકે....)

**લેખક- શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ હાયર લર્નીંગ, બ્રિન્દાવન કેમ્પસના મેનેજમેન્ટ અને કોમર્સ ડીપાર્ટમેન્ટમાં સહ-પ્રાધ્યાપક છે.**

## સાવચેતી તો રાખવાનીજ ને...

* **મચ્છરદાની વાપરો પણ તમે સૂવા જાવ ત્યારે મચ્છરો અંદર ઘૂસી ન જાય તેનું ધ્યાન રાખો..**
* **પાણીમાં તરતી હોડીમાં જાવ પણ એમાં પાણીને પ્રવેશવા ન દો.**
* **સંસારમાં રહો પણ સંસારને તમારી અંદર પ્રવેશવા ન દો.**

# દિવ્યતા સંગ મારો મેળાપ અને અનુભવ

**દેબાશિષ મુકરજી**

દરેક વ્યક્તિ તેનાં જીવનના કો'ક સમયે, એવા એકાદ કે શૃંખલાબદ્ધ અનુભવો કે ઘટનાનો ટૂંકા સમયગાળા માટે અહેસાસ કરતી હોય છે જે તેના અસ્તિત્વના નવજીવનમાં ધરખમ બદલાવ લાવવા સમર્થ હોય તેવી કદી ભૂંસી નહીં શકાય તેવી કાયમી છાપ છોડી જાય છે. આને નવયુગનો પ્રારંભ કરનારી બીના કે ઘટના કહી શકાય. મારાં જીવનમાં ૨૨ વર્ષની ઉંમરે ૧૯૭૪ના મે-જૂન માસ દરમ્યાન ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના સામીપ્યમાં દિવ્યતા અને સત્યના મૂલ્યાંકન અને અનુભવ કરવાની મને એક તક સાંપડી હતી.

ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા વિષય ઉપરના 'સમર-કોર્સ'માં સહભાગી થવાની મને સોનેરી તક પ્રાપ્ત થઈ હતી અને નામાંકિત વિદ્વાનો, અગ્રણી પ્રધ્યાપકો, ઈશ્વરને લગતા બ્રહ્મજ્ઞાન ધરાવતા પંડિતો, આધ્યાત્મિક પંથે આગળ વધી ચૂકેલી વ્યક્તિઓ, વ્યાવસાયિક રીતે ખ્યાતિપ્રાપ્ત હસ્તીઓ અને સૌથી ઉપર શ્રી સત્ય સાઈ બાબાના જ્ઞાનથી ભરપૂર વાણીઓ સાંભળીને પચાવવાની તક મળી હતી. એક મહિનો તેમની સમીપ રહ્યો ત્યારે પ્રત્યક્ષ અનુભવો થયેલા તે જણાવવાનો પ્રયત્ન કરીશ. મારા દિમાગમાં ઊંડે અંકિત થઈ ગયેલા અને જીવનમાં કદાચ એક જ વાર થાય એવા આવા અનુભવોએ મને તેમની ઝાંખીનો અને અર્થપૂર્ણ અસ્તિત્વના મોટા ફલકને પિછાણવાનો અવસર પૂરો પાડ્યો છે. તેમ છતાં, આમ કરતાં, હું ટૂંકાણમાં આ નોંધપાત્ર ઘટનાને લગતી પૂર્વભૂમિકાના વૃતાંતોને આવરી લઇશ.

**મારું કુળ.**

મારો જન્મ ૩ એપ્રિલ ૧૯૫૨ ના રામનવમીના દિવસે કોલકાતામાં કિડરપોર ખાતે એક સખત મહેનતુ, પ્રમાણિક, મોભાદાર, દયાલુ, સંનિષ્ઠ, ભક્તિમય દંપતીના કુળમાં થયો હતો. મારા પૂજ્ય પિતાશ્રી સ્વ. શ્રી. દુલાલ ગોપાલ મુકરજી, બર્મા (મ્યાનમાર)ની રંગૂન(યાંગોન) યુનિવર્સિટીમાંથી મેધાવાન અતિ હોશિયાર સિવિલ એન્જિનિયર હતા. તેઓ એક આંખે ઊડીને વળગે તેવી વ્યાવસાયિક કારકિર્દી ધરાવતા હતા જેમાં ચીફ એંજિનિયર, ડિપાર્ટમેન્ટ ઓફ ઈરીગેશન, ગવર્નમેન્ટ ઓફ વેસ્ટ બેંગાલ, કોલકાતાના સોલ્ટ લેક વિસ્તારનો વિકાસ કરનારા આર્કિટેક્ટ, હિમાચલ પ્રદેશ સરકારના સેક્રેટરીને સમાવતા કેટલાક મહત્ત્વના સરકારી હોદ્દાઓ શોભાવ્યા હતા. તેઓ આઈ.એ.એસ. અધિકારી નહોતા છતાં એક ટેકનોક્રેટ (ટેકનિકલ વ્યક્તિ) તરીકે કોલકાતા કોર્પોરેશનના કમિશનરની ખુરશીએ બિરાજી શક્યા હતા-આ ખુરશી દંતકથા સમાન નેતાજી સુભાષચંદ્ર બોઝે પણ દીપાવી હતી. આમ વ્યાવસાયિક રીતે આટલા ઊંચા પદે રહી ચૂક્યા હતા છતાં તેઓ તેમના આધ્યાત્મિક મૂળિયાં અને સાધનાઓ તરફ ખેંચાયેલા હતા. દેખીતી રીતે અચાનક જ, પણ બ્રહ્માંડીય રચનાથી અનિવાર્ય હોય તેમ તેઓ ૬૦ના દાયકાના મધ્ય સમયમાં સત્ય સાઈબાબા વિષે જાણતા થયા અને ત્યાર પછી સમગ્ર જીવન તેમના પંથમાં ગુજાર્યું. શ્રી સત્ય સાઈ બાબા સાથે વ્યક્તિગત વાર્તાલાપ કરતાં બાબાએ જ્યારે તેમને એક સફરજન આપતાં કહ્યું હતું, “તું સારો (માણસ) છે”, ત્યારે તેમને પૂર્ણતા અને આંતરિક પરમાનંદનો ખ્યાલ આવ્યો હતો.

મારા માતૃશ્રી સ્વ. સરબની, મુકરજી ધીરજ અને કરુણાની મૂર્તિ હતા અને પડકારોનો સામનો કરવા તથા સખત પરિશ્રમ ઊઠાવવાની શક્તિરૂપી આશીર્વાદ મેળવી ચૂક્યા હતા. અગિયાર વર્ષની નાની વયે જ રામકૃષ્ણ વંશના ગુરુ દ્વારા તેમને દીક્ષા આપવામાં આવી હતી. તેમણે શ્રી રામકૃષ્ણ

પરમહંસને તેમનાં અંતરમાં પ્રસ્થાપિત કરી દીધાં હતાં. જ્યારે મારા પિતાશ્રી હિમાચલ પ્રદેશમાં શિમલા ખાતે કામકાજ કરતા હતા ત્યારે માતૃશ્રીએ અલિપોર વિસ્તારમાં અમારાં નવાં મકાનના નિર્માણમાં એકલે હાથે હિંમત અને શારીરિક માનસિક સ્થિતિ સ્થાપકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અમે આખરે ૧૯૬૬માં નવા અલિપોર ખાતે ચાલ્યા ગયા હતા. નવા અલિપોરમાં તેઓ આંતરિક પ્રેરણા અને વ્યક્તિગત ચમત્કારથી શ્રી સત્ય સાઈ બાબાના પૂરા ભક્ત બની ગયા હતા. ૧૯૬૮થી નવા અલિપોરમાં શ્રી સત્ય સાઈ સેવા સમિતિ કાર્યરત થઈ હતી અને અમારા ઘરમાં દર ગુરુવારે ભજન થતા હતા.

મારો શાળા અભ્યાસ કિડરપોર ખાતેની સેન્ટ થોમસ બોયઝ સ્કૂલથી શરૂ થયો હતો જ્યાં અંગ્રેજી ભાષા પ્રત્યે મજબૂત લગાવ અને કુશળતા કેળવવા હું ભાગ્યશાળી નીવડ્યો હતો. ત્યાર પછી હું નરેન્દ્રપુર રામકૃષ્ણ મિશન સ્કૂલમાં જોડાયો જ્યાં મેં ધોરણ નવ થી અગિયાર સુધીનો અભ્યાસ કર્યો હતો. શાળાભ્યાસ બાદ ૧૯૬૮માં મેં શિબપોર ખાતે બેંગાલ એંજિનિયરીંગ કોલેજમાં પાંચ વર્ષનો મેટલર્જિકલ એંજિનિયરીંગ કોર્સ કર્યો. જ્યારે હું રામકૃષ્ણ મિશન સ્કૂલ અને કોલેજમાં હતો ત્યારે ખાસ કરીને ટેબલ ટેનિસ અને ક્રિકેટ જેવી રમતોમાં અધિક રસ જાગ્યો હતો અને તેને લઈને તો મેં સ્કૂલ/કોલેજ મિટ/ટૂર્નામેન્ટ્સમાં પણ ભાગ લીધો હતો.

**<u>સત્ય સાઈબાબા વિષે જાણકારી.</u>**

૧૯૬૮માં અમારાં ઘરમાં સાપ્તાહિક ભજન શરૂ થયા ત્યારથી માતૃશ્રીએ  વૃંદમાં ભજનો કેવી રીતે ગાવા તે શીખવવા માંડ્યું હતું. જોકે સંગીતની કશી તાલીમ તો લીધી જ નહોતી છતાં, મને આશ્ચર્ય થયું હતું કે હું ભજનો રાગ અને તાલમાં ગાઈ શક્તો હતો. તેમની સંગીતની પાર્શ્વભૂને કારણે મને આપવામાં આવેલું કોચિંગનું પ્રાથમિક કારણ મારામાં વિશ્વાસ અમુક માત્રામાં એવું જગાવી ગયું કે વધુ પડતા સુધારા વિના હું ભજનો ગાઈ શકતો હતો. ભજનમાં મારો રસ જેમ જેમ ઊંડે ઊતરતો ગયો તેમ તેમ સમિતિના અન્ય સભ્યો સાથે મારો લગાવ વધતો ગયો, તેના કારણે શ્રી સત્ય સાઈ બાબાના ઉદ્દેશો, ઉદ્બોધનો અને મિશનમાં મારી જાણકારી વધતી ગઈ.

જાન્યુઆરી ૧૯૭૧ની શરૂઆતમાં બેંગલુરુ ખાતેની ૫૮મી ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસમાં ભાગ લેવા હું માતા-પિતાની સાથે ગયો હતો. બેંગલુરુમાં હતા ત્યારે અમને ખબર પડી કે કોઈ ફ્લાઇટ દ્વારા શ્રી સત્ય સાઈબાબા મહાનગરમાં આવી રહ્યા છે. તે દિવસે સવારે અમે તેમનાં દર્શન માટે હવાઈમથકે પહોંચી ગયાં. તે દિવસો દરમ્યાન 'સિક્યુરિટી' એટલી બધી ચુસ્ત નહોતી અને કોઈની પાસે પણ કોઈ નજીક જઈ શક્તું હતું. વિમાનનો દરવાજો ખુલ્યો કે સૌ પ્રથમ નીચે ઊતરનાર કોઈ હોય તો તે કેસરી ઝભ્ભો પરિધાન કરેલા શ્રી સત્ય સાઈ બાબા હતાં. મને હજીયે યાદ છે કે મારી પ્રથમ દ્રષ્ટિ જેવી તેમની ઉપર પડી કે મારી ભીતર સ્વયંભૂ આનંદનો ઉભરો આવ્યાનો અનુભવ કર્યો અને સુખાનંદથી મારી આંખોમાં અશ્રુઓ ઊભરાઈ આવ્યાં. જાણે મારી પ્રથમ મુલાકાતમાં શક્તિશાળી ચુંબકીય બંધન કાયમી બનીને રહી ગયું. બપોર પછી અમે વ્હાઈટ ફિલ્ડ ખાતે વૃંદાવન આશ્રમમાં તેમનાં દર્શન કરવા પહોંચ્યાં. ત્યાં પરમાનંદનો એક રોકી નહીં શકાય તેવો લાગણીનો ઊભરો આવી ગયેલો. હું નિશ્ચાંત વિચારતો હતો કે મારા હૃદયમાં શા માટે આટલું બધું ખેંચાણ થઈ રહ્યું હતું ? શું હું તેમની દ્રષ્ટિથી ઝડપથી સંમોહિત થઈ રહ્યો હતો અથવા શું તે તેમની ચુંબકીય ઉપસ્થિતિ દ્વારા સર્જાયેલા રૂપના ઉચ્ચ બ્રહ્માંડીય બળ સાથે ચિરકાલીન સંબંધની શરૂઆત હતી ? સત્યનો સ્ફોટ કરનારા વધુ અનુભવો આવી રહ્યા છે.

**સમર કોર્સ માટે પસંદગી.**

૧૯૭૪ના માર્ચ મહિનાના છેલ્લા દિવસોમાં શ્રી અરુણ દત્તા, નામાંકિત વકીલ અને શ્રી સત્ય સાઈ સેવા ઓર્ગેનાઇઝેશન, વેસ્ટ બેંગાલના રાજ્ય પ્રમુખ, દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે તે વર્ષના મે-જૂન દરમિયાન બેંગલુરુના વ્હાઈટ ફિલ્ડ ખાતેના વૃંદાવન આશ્રમનાં પરિસરમાં ઇન્ડિયન કલ્ચર એન્ડ સ્પિરીચ્યુઆલિટી વિષય ઉપરનો એક મહિનાનો સમરકોર્સ યોજવામાં આવ્યો છે. તે શ્રી સત્ય સાઈ બાબાના માર્ગદર્શન અને ઉપસ્થિતિમાં યોજાનાર હતો. તે કોલેજમાં અભ્યાસ કરતાં અથવા છેલ્લા વર્ષની પરીક્ષા આપનારા કોલેજમાંથી ગ્રેજ્યુએટ થતાં પહેલાં પરિણામની પ્રતીક્ષા કરતાં વિદ્યાર્થીઓ માટે જ હતો. હું તે સમયે એંજિનિયરીંગના છેલ્લા વર્ષની પરીક્ષા આપી રહ્યો હતો. તમામ રાજ્યો અને ભારતના કેન્દ્રશાસિત પ્રદેશના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ તેમાં ભાગ લઈ શકતા હતા. શ્રી સત્ય સાઈ સંસ્થાઓ સંચાલિત કોલેજમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને પણ તેમાં ભાગ લેવાની છૂટ હતી. વિદેશના વિદ્યાર્થીઓ પણ તેમાં ભાગ લઈ શકતા હતા. આ કોર્સ માટે પ્રત્યેક રાજ્યે મહત્તમ ૨૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની હતી. તેમાં વિદ્યાર્થીની પસંદગી કરવાના ત્રણ નિયમો હતા: (૧) કોલેજમાં અભ્યાસ કરતો હોવો જોઈએ (૨) અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ ધરાવતો હોવો જોઈએ (કેમ કે કોર્સમાં સંચાલન માધ્યમ ફક્ત અંગ્રેજી ભાષા રહેશે), અને (૩) થોડું ઘણું આધ્યાત્મિક સાહિત્ય અને શ્રી સત્ય સાઈ બાબાના સાહિત્યમાં પરિચિત હોય તે ઇચ્છનીય છે.

૧૯૭૪ના સમર કોર્સ માટેના વિદ્યાર્થીઓની પસંદગી કરવા વેસ્ટ બેંગાલની શ્રી સત્ય સાઈ સેવા સંસ્થાએ લેખિત નિબંધ પરીક્ષા ૧૯૭૪ના એપ્રિલના બીજા પખવાડિયામાં લેવામાં આવશે એવી જાહેરાત કરી હતી. એક જ અઠવાડિયામાં પસંદગી-પરિણામોની ઘોષણા કરી દેવામાં આવી હતી. શ્રી સત્ય સાઈ બાબાની કૃપાથી હું પસંદગીની યાદીમાં સર્વોચ્ચ સ્થાને હતો. વેસ્ટ બેંગાલમાંથી સમર કોર્સ માટે બધું મળીને લગભગ ૧૩ વિદ્યાર્થીઓ (તમામ છોકરાંઓ) પસંદગી પામ્યા હતા. ખડગપુર આઈ.આઈ.ટી. ના સિવિલ એંજિનિયરીંગ ડિપાર્ટમેન્ટના હેડ પ્રોફેસર એ. કે. ઘોષને વિદ્યાર્થીઓના ગ્રૂપ લિડર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**વૃંદાવન સંકુલ.**

આખરે અમો વૃંદાવનના પુનિત ક્ષેત્રે પહોંચ્યા અને કોર્સ માટેનું અમારું રજિસ્ટ્રેશન કરાવ્યું. સમર કોર્સમાં ભારત અને વિદેશથી આવેલા આશરે ૪૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો હતો.

**કડક દૈનિક ગતિવિધિ.**

સમર કોર્સનો ૨૦મી મે ૧૯૭૪ના રોજથી આરંભ થયો. સમર કોર્સમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓએ કડક અને ચુસ્ત સમયાવલિનું પાલન કરવાનું હતું. સવારે ૪:૩૦ કલાકે ઊઠી જવાનું અને તૈયાર થઈને સુપ્રભાતમ અને નગરસંકિર્તન માટે ભેગા થવાનું. નગરસંકિર્તન પછી, હોસ્ટેલે આવીને નિત્ય દૈનિક ક્રિયાઓ પતાવીને ૭:૩૦ કલાકે નાસ્તામાં ભેગા થવાનું. સવારે ૯:૦૦ વાગ્યે વર્ગો શરૂ થઈને ૧૨:૩૦ કલાક સુધી ચાલુ રહે. પ્રત્યેક વર્ગ ૪૫ મિનિટથી એકાદ કલાકનો રહેતો. બપોરનું ભોજન ૧૨:૪૫ થી ૧:૪૫ કલાક વચ્ચે થતું. બપોર બાદ વર્ગો ૨:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી ચાલતા. ૫:૩૦ થી ૬:૦૦ વાગ્યે સાંજે નાસ્તો રહેતો. ત્યાર પછી, સાંજના દર્શન અને શ્રી સત્ય સાઈ બાબાનું પ્રવચન ૬:૩૦ થી ૭:૩૦ વાગ્યા સુધી હોય અને પછી આરતીથી સમાપન થતું. રાત્રે ૭:૩૦ થી ૮:૩૦ વાગ્યા દરમ્યાન સાંજનું વાળું કરવાનું હોય. બપોર અને રાત્રિ ભોજન દરમ્યાન અમે એટલા બધા નસીબદાર રહેતા કે ભોજનની એકાદ વાનગી અમને સ્વયં બાબાના હસ્તે પિરસવામાં આવતી. આ અવસરે અમને તેમની સમીપ રહેવાની-

જોવાની-અને કેટલીક વખત મૌખિક વાતચીત કરવાની તક પણ મળી જતી. અમે આવા સમયની જ પ્રતીક્ષામાં રહેતાં કેમ કે તે સમયે અમારી ઘણી મુશ્કેલીઓ, ચિંતાઓ અને શંકાઓનું તેમના દ્વારા નિરાકરણ થઈ જતું. રાત્રિ ભોજન પછી દિવસ દરમ્યાન કે ગત દિવસે શીખવવામાં આવેલી બાબતોનું વિદ્યાર્થીઓએ પુન: મનન કરવાનું અને પછી રાત્રે ૯:૪૫ કલાકે નિદ્રાધીન થવાનું. આ જ નિત્યક્રમ બીજા દિવસે અનુસરવામાં આવતો.

કોર્સ દરમિયાન જે પ્રવચનો થતાં તે અદ્વિતીય અને વૈવિધ્યભર્યાં રહેતાં. તેમાં વિશાલ સ્તરે વિષયોને આવરી લેવામાં આવતાં જેમાં આધ્યાત્મિકતા અને વિજ્ઞાન, ભારતીય ફિલસૂફીની વિવિધ શાખાઓ, વિશ્વના મહાકાવ્યો, વૈશ્વિક ધર્મો, વેદો, ઉપનિષદો, પુરાણો, ભગવદ્દગીતા, યોગ, અગ્રણી ધાર્મિક નેતાઓ અને સંસ્થાપકો, વ્યક્તિગત સાધના, નીતિશાસ્ત્ર, નૈતિકતા, વ્યવસાય, વ્યક્તિગત ચાલ-ચલગત, વગેરેનો સમાવેશ થતો. વિવિધ ક્ષેત્રોમાં કાબેલ પ્રખ્યાત વક્તાઓ જેવા કે, પ્રોફેસર્સ, શિક્ષણશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો, વિદ્વાનો, ઈશ્વરને લગતા જ્ઞાનના પંડિતો, માનસચિકિત્સકો, વ્યાવસાયિકો, કલા-સંસ્કૃતિ અને અન્ય ક્ષેત્રોમાં નોંધનીય યોગદાન આપનારી વ્યક્તિઓ દ્વારા પ્રવચનો થતા હતા. કેટલાક સુવિખ્યાત અને આદરણીય વક્તાઓમાં શ્રી સત્ય સાઈ બાબાની જીવનકથાના અજોડ લેખક પ્રોફેસર એન. કસ્તુરી; શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાયર લર્નિંગ, પુટ્ટપર્તિના સૌ પ્રથમ વાઈસ ચાન્સેલર (ઉપકુલપતિ) પ્રોફેસર વી.કે. ગોકાક; અપવાદરૂપ નિપુણતા ધરાવતા ભૌતિકશાસ્ત્રી અને વૈજ્ઞાનિક, ઓસ્માનિયા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયના સલાહકાર પ્રોફેસર એસ. ભગવંતમ; ઓસ્ટ્રેલિયન આધ્યાત્મિકવાદી, ઈશ્વરીય જ્ઞાન ધરાવતા અને શ્રી સત્ય સાઈ બાબા વિષેના કેટલાક પુસ્તકોના લેખક શ્રી હાવર્ડ મર્ફેટનો સમાવેશ થતો હતો.

પ્રત્યેક દિવસે સાંજે શ્રી સત્ય સાઈ બાબા આધ્યાત્મિક ઉદ્દબોધન કરતા. તેમણે આખા મહિના દરમિયાન 'ભારત'નો અર્થ અને મહત્તા ઉપર વિસ્તૃત રીતે વક્તવ્યો આપ્યાં હતાં. ભારતની મહત્તા સંલગ્નિત શક્ય અર્થ, ભાવ, રંગ, ઇત્યાદિના અતિ સૂક્ષ્મ ફરકોની સમજણો તેમણે પ્રસ્તુત કરી તેનાથી અમે સૌ આશ્ચર્યચકિત, મંત્રમુગ્ધ, દિગ્મૂઢ અને સમૃદ્ધ થઈ ગયાં હતાં. તે પૂરેપૂરું દેખીતું હતું કે વિષયના અટપટા, જટિલ, અત્યંત સ્પષ્ટ અને વિવિધ પાસાંઓને પ્રગટ કરવા એક મહિના સુધી સતત વક્તવ્ય આપવું એ કોઈ પણ માનવી માટે વ્યાવહારિક રીતે અશક્ય હતું. મને તો સંપૂર્ણપણે ખાતરી થઈ ગઈ હતી કે સર્વજ્ઞ દિવ્ય જ્ઞાન અને સમજ ધરાવનારી વ્યક્તિ માટે જ તે શક્ય હતું.

**ઘટનાઓ અને તેની સૂક્ષ્મ અર્થવ્યાપ્તિઓ.**

વ્હાઈટ ફિલ્ડ ખાતે વૃંદાવનમાં શ્રી સત્ય સાઈ બાબાના સામીપ્યમાં વીતાવેલા એક મહિના દરમ્યાન મને લાગતા-વળગતાં ઘણાં બનાવોનું પ્રગટીકરણ કરવામાં આવ્યું હતું જેનો મારાં મન અને આત્મા ઉપર પ્રચંડ પ્રભાવ પડ્યો હતો. આવા તમામ બનાવો, અર્થો અને શીખના મુદ્દાઓ ધરાવે છે. મારી ઉપર ચિરકાલીન પ્રભાવ પાડી જનારી કેટલીક ઘટનાઓનું હવે પૃથક્કરણ અને તારણ કાઢવાના પ્રયત્નો કરીશ.

કોર્સના આરંભ થયાના બે દિવસ પછી એક તણાવયુક્ત બનાવ બન્યો. મને ભયંકર પીડા આપતો પેટનો દુખાવો ઉપડ્યો જે મારા મનમાં ખલેલ પહોંચાડતો હતો. મેં ત્યાં નિવાસી દાક્તરનો સંપર્ક કર્યો અને તેમની સૂચના મુજબની દવા લીધી. આખી રાત દરમ્યાન મને ઊંઘ આવી નહીં અને દુ:ખાવો ઓછો થાય તે માટે બેસી રહ્યો. સમય પસાર થતો ગયો તેમ દુ:ખાવો શમી જવાને બદલે વધુ ઉગ્ર બન્યો. બેચેની એટલી બધી વધી ગઈ કે સમરકોર્સ ઉપરનું મારું વલણ અને ધ્યાન ઘટવા

માંડ્યું. ચોથે દિવસે સાંજે મેં વ્હાઈટ ફિલ્ડ રેલવે સ્ટેશને જઈને સમય વીતાવવા અને સમદર્શી રીતે હવે પછી શું કરવું તે વિચારવા લાગ્યો, કેમ કે હું વર્ગોમાં ધ્યાન રાખી શકતો નહોતો. હું બંને શારીરિક અને માનસિક રીતે પડી ભાંગ્યો હતો એટલે આખરે મેં કોર્સમાંથી રજા લેવાનું વિચાર્યું. તેથી તે પ્રમાણે, શ્રી સત્ય સાઈ બાબા પાસેથી પરવાનગી લેવાનો વિચાર કર્યો. પાંચમે દિવસે બપોરે ભોજન પછી તેમને મારાં દર્દ વિષે જણાવવાનું નક્કી કર્યું. યોગાનુયોગ તે જ દિવસે બાબા વિદ્યાર્થીઓને લડ્ડુ પિરસતા હતા. તેઓ મારી સામે આવ્યા અને એકદમ નમ્રતાથી મને લડ્ડુ આપ્યો તેવો જ હું તો મૂંગો થઈ ગયો-એક હરફ ઉચ્ચારી શક્યો નહીં. મારી હરોળમાં અન્ય ત્રણ વિદ્યાર્થીઓને લડ્ડુ આપીને, અચાનક જ મારી તરફ વળ્યા અને હિન્દીમાં મને પૂછ્યું, "તુમ્હારા ક્યા કષ્ટ હોતા હૈ?" મારો પેટનો દુખાવો તો ચાલુ જ હતો. મેં પણ તુરંત હિન્દીમાં મારો પ્રશ્ન કહ્યો અને ઘરે પરત જવા માટે પરવાનગી માટેની વિનંતી કરી. હસતે મુખે તેમણે કહ્યું કે ભોજનમાં હું તીખી વાનગી ખાવાનું પસંદ કરું છું તે જ સમસ્યા છે. પરવાનગી માગી તે પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાને બદલે મને સલાહ આપી, " આ લડ્ડુ લે ". મેં ભાત અને ગરમ સંભાર ખાવાનું બંધ કર્યું અને તેને બદલે લડ્ડુ ખાઈ ગયો. જેવો લડ્ડુ મારી જીભ પર સ્પર્શ કરે છે કે આપોઆપ જાણે ચમત્કારિક રીતે મારી અંદર બળતરા થતાં હતા તે ગાયબ થઈ ગયાં !(......... વધુ આવતા અંકે.....)

**(લેખક સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રાંચી ખાતે આર. એન્ડ ડી. સેન્ટર ફોર આયર્ન એન્ડ સ્ટીલના પૂર્વ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ઈન-ચાર્જ તથા શ્રી સત્ય સાઈ સેવા ઓર્ગેનાઇઝેશન, ઝારખંડના રાજ્ય ગો ગ્રીન કો-ઓર્ડિનેટર છે.)**

## ધારણા, ધ્યાન અને સમાધિ

**ધારણા શું છે ? તે એક જ પદાર્થ, સ્થાન કે વિચાર ઉપર સંપૂર્ણ ધ્યાનનું કેન્દ્રીકરણ છે. જો તમે અતૂટ રીતે ૧૨ સેકન્ડ સુધી એકાગ્ર ધ્યાન મગજમાં કરી શકો તો, તો એક ધારણા પૂરી થશે. આવી ૧૨ ધારણાથી એટલે કે ૧૪૪ સેકંડ (૨ મિ. અને ૨૪ સેકંડ) સુધી અવિરત ધ્યાન ધરો તો તમે સફળતા પૂર્વક ધ્યાન કર્યું કહેવાય. આવા ૧૨ ધ્યાન એટલે કે એક પદાર્થ, કે વિચાર પર (એટલે કે બીજા બધા પદાર્થો અને વિચારોની સંપૂર્ણ બાદબાકી) ૨૮ મિનિટ અને ૪૮ સેકંડ ધ્યાન ધરો તો સમાધિ થઇ ગણાય. તેથી પ્રથમ ધારણા વિકસાવો, સમય જતાં ધારણા સ્વયં ધ્યાનમાં વિકસિત થાય છે.**

**(સાઇ સત્ય વાણી, જુલાઇ ૧૯૬૯)**

## ઉપાસના એટલે શું ?

**ઉપાસના અને ઉપવાસ એટલે શું ? ઉપ એટલે નજીક ની, ગાઢ સમીપ, 'આસન' અને 'વાસમ્' એટલે બેઠેલા. એનો અર્થ એ થાય છે કે પોતાની નજીક બેસવું, કોની નજીક અને શા માટે ? આપણે પંખા નજીક બેસીએ છીએ. આપણે એરકંડીશનર વાપરીએ છીએ. શેને માટે ? કારણ કે તેઓ આપણી ગરમી લઇ લે છે અને બદલામાં તેમની ઠંડક આપે છે. જો આપણે પરમાત્માની સમીપ બેસીશું, જો આપણે પરમાત્મામાં આપણા વિચારો રોકીશું ! જો આપણે તેના વિષે ચિંતન કરીશું તો આપણે તેના દૈવી સદ્ગુણો મેળવીશું અને આપણા દુર્ગુણો ભસ્મીભૂત થઇ જશે. આ રીતે ઉપાસના તમને શુદ્ધિકરણની પ્રક્રિયા તરફ લઇ જાય છે અને દૈવી સ્થિતિની તરફ સંપૂર્ણતા તરફ વિકાસ કરે છે.**

**(સાઇ સત્ય વાણી, જુલાઇ ૧૯૬૯)**

## ભાગવત વાહિની - પ્રકરણ ૧૦

# શ્રીકૃષ્ણ રહસ્ય

ભીમે થોડીક હિમ્મત એકઠી કરી. તેણે કહ્યું, "ભાઈ, મને રજા આપો તો હું દ્વારિકા ત્વરિત પ્રયાણ કરૂં અને તમારા ભયને દૂર કરવા, જે કાંઈ ત્યાં બન્યું હશે તે અંગે પૂરતી માહિતી પ્રાપ્ત કરી ઝડપથી પાછો ફરૂં." ભીમ જ્યારે ઘુંટણીયે પડી પરવાનગી માંગી રહ્યો હતો, ત્યારે સૂર્યાસ્ત થઈ ગયો હતો અને દરેક જગ્યાએ દીવાઓમાંથી છૂટો થયેલો, ઝાંખો, મંદ પ્રકાશ રેલાતો હતો.

તે દરમ્યાન મુખ્ય પ્રવેશ દ્વારે ચોકીદાર એવી જાહેરાત કરતો દોડી આવ્યો કે અર્જુન આવી પહોંચ્યા છે અને રાજમહેલ તરફ અભિગમ કરી રહ્યાં છે. દરેક જણ ઉભા થઈ ગયા જાણે અચાનક જીવંત બની ગયા હોય તેમ. દ્વારિકાના સમાચાર મેળવવા તૃષિત થયેલા, બધા અર્જુનને મળવા જલ્દીથી દોડી ગયા. તેમણે જોયું ઉદાસ, હતોત્સાહી, આનંદના કોઈ પણ ચિહ્નો વિનાનો અર્જુન આવ્યો અને ભાઈઓના મુખ સામે જોયા વગર ધર્મરાજાના પગમાં પડી ગયો.

ધર્મરાજાએ તેમના ડરને પુષ્ટિ આપતા ચિહ્નો જોયા, અને કંઈક વધારે જાણવા આતુર બન્યા. દ્વારિકામાં રહેલા તેમના મિત્રો, સગા-સ્નેહીજનો અંગે પ્રશ્નો કર્યા. અર્જુન ન ઉભો થઈ શક્યો કે ન પોતાનું માથું ફેરવી શક્યો. ભાઈઓએ જોયું ધર્મરાજાના પગ પર અર્જુનના અશ્રુઓ વહી રહ્યા હતા, અને આઘાતને લીધે સ્થિર બની ગયા હતાં. ધર્મરાજાએ પોતાના મન પરની પક્કડ ગુમાવી દીધી. તેમણે અર્જુનને ઉભો કરવા પ્રયત્ન કર્યો. તેના ખભા પકડીને તેને હલબલાવ્યો, ધ્રુજાવ્યો, પીડાપૂર્વક તેના કાનમાં બૂમ પાડી, "ભાઈ! શું થયું છે? શું થયું છે? યાદવોને શું થયું છે? અમને તે વિશે વાત કર. અમારા હૃદય હારી જવાની તૈયારીમાં છે. આ અચાનક આવી પડેલ ચિંતામાંથી અમને બચાવ." પરંતુ અર્જુન કોઈ જવાબ નહીં આપી શક્યો. ન તો તે ઉભો થઈ શક્યો કે ન તો કાંઈ કહી શક્યો. આમ છતાં ધર્મરાજાએ યાદવો અને બીજાની ક્ષેમ-કૂશળતા પૂછવા માટે અને દરેકે દરેકના નામો બોલીને, અલગ અલગ રીતે પ્રશ્નોનો મારો તેના પર ચલાવ્યો. આ વિકટ, મરણીયા પ્રશ્નોની હારમાળા સામે અર્જુને કોઈ પ્રતિક્રિયા આપી નહીં. તેણે સામો કોઈ ઉત્તર આપ્યો નહીં. ન તેણે પોતાનો ચહેરો ઊંચક્યો કે ન તો ભાઈઓ સામે જોયું.

"તારે બીજુ બધું અમને કહેવાની જરૂર નથી, પરંતુ વાસુદેવે તને અમને દોરવણી આપવા માટે જે કહ્યું હોય તે તો તારે કહેવું જ પડશે. તેમનો અમારા માટે શો સંદેશ છે, તે તું અમને કહે." ધર્મરાજાએ અરજ ગુજારી. અર્જુન, હવે તે વધારે સમય સહન કરી ન શક્યો. જે દુઃખ લાંબા સમયથી તેણે પકડી રાખેલું તે એકદમ પૂરજોશમાં બહાર આવી ગયું. "આપણા માટે વાસુદેવ હવે રહ્યાં નથી, ઓહ..! આપણે નિરાધાર બની ગયા છીએ. આપણે તેમને સાચવી શક્યા નહીં. હવે તે સદભાગ્ય આપણા માટે રહ્યું નથી," તેણે કહ્યું અને ડુસકા ભરતા, ભરતા તે જમીન પર પડ્યો.

સહદેવે પરિસ્થિતિ અને તેની સંભવિતતાઓ સમજી લીધી અને ખંડમાં પ્રવેશવા માટેના બધા જ દ્વાર તેણે બંધ કર્યા. તેણે આ દુઃખને શાંત પાડવામાં પોતાની જાતને કામે લગાડી.

"કાશ ! આ સાંભળવા માટે જ આપણે જીવતાં રહ્યાં..... કેવું નસીબ ! ઓહ ! અરે વિધાતા તું જગતની સાથે આવી નિર્દયતાથી કેમ વર્તી શકે?" ભાઈઓ ભેગા મળીને વિલાપ કરવા લાગ્યા. "પ્રભુ, શા માટે પાંડવોને આ રીતે તમે ત્યજી દીધા? શા માટે આવો વિશ્વાસઘાત ! આ સમાચાર સાંભળવા માટે જ અમે બચી ગયેલા હતા! ઘણાં જન્મો કે પેઢીઓના પાપનો સંગ્રહ થવાનું જ આ પરિણામ છે." તેઓ કહેવા લાગ્યા અને પ્રતિપાદિત કરવા લાગ્યા. દરેકે દરેક ભાઈ પોતાના દુઃખમાં, પોતાની હતાશામાં વિલિન બની

ગયો હતો. ખંડમાં ભયંકર ગમગીનીભરી શાંતિ છવાઈ ગઈ હતી.

ધર્મરાજાએ સૌ પ્રથમ સ્વસ્થતા પ્રાપ્ત કરી. પોતાની આંખોમાં ઉભરાતા આંસુઓ લૂછીને, દયનીય અવાજે અર્જુનને પ્રશ્ન કર્યો, "શું તારી પાસે તેમના માતા-પિતા, નંદ અને યશોદા અને બીજાઓની સ્થિતિ વિશે કાંઈ સમાચાર, ખરા? તેમના અંગે કહે. ભગવાનના વિયોગના દુઃખથી, તેઓ તો ભાંગી જ પડ્યા હશે. આપણે જ જ્યારે આવી દયનીય, લાચાર ગહનતામાં ઉતરી પડ્યા છીએ તો, તેમના વિશે આપણે શું કહી શકીએ? તેઓ તો અગાધ નિરાશામાં ડૂબી ગયા હશે. તેઓ શ્વાસ અને શરીર કેવી રીતે ટકાવી શકે? બીજી વ્યક્તિઓનો ઉલ્લેખ ક્યાં કરવો? સમગ્ર દ્વારિકા આશ્વાસન ન આપી શકાય તેવા દુઃખના દરિયામાં ગરક થઈ ગઈ હશે.

આમ દૃશ્યોની કલ્પના કરતાં કરતાં ધર્મરાજા પોતે જ દુઃખથી હિબકા ભરી રહ્યાં હતાં. તેમની આવી સ્થિતિ જોઈને અર્જુને કહ્યું, "ભાઈ, દ્વારિકાના લોકો આપણાં કરતાં ક્યાંય વધારે ભાગ્યવાન છે. આપણે જ સૌથી વધારે કમભાગી છીએ. આ દુનિયામાંથી વાસુદેવની વિદાયના સમાચારના આઘાતને પચાવી આપણે માત્ર નઠોર/કઠોર બની ગયેલા માણસો છીએ. બાકીના બધાયે તો પ્રભુની વિદાયના સમાચાર આવે તે પહેલા દુનિયા છોડી દીધી હતી !."

તે ક્ષણે ધર્મરાજાના મુખમાંથી ઉદગાર સરી પડ્યા, "હરિ, હરિ...... ઓ ભગવાન ! તું અત્યારે શું બોલ્યો? તેં શું કહ્યું? હું કાંઈ સમજી શક્તો નથી. શું સમુદ્ર ઉચકાયો અને દ્વારિકાને ગળી ગયો? અથવા કોઈ જંગલી, હિંસક ટોળાઓએ નગરપર હુમલો કર્યો અને સંપૂર્ણપણે પરાજિત કરી દીધું અને લોકોની કત્લેઆમ કરી? અર્જુન અમને કહેતો ખરો શું બન્યું? ભયાનક બિહામણા ચિત્રો સર્જતી અમારી અટકળો કે ધારણાઓનો અંત લાવ." ધર્મરાજાએ અર્જુનનો હાથ પકડ્યો અને બીજા હાથે તેના ચહેરાને ઊંચો કર્યો, એવા પ્રયાસ સાથે કે તે તેમના પ્રશ્નોના ઉત્તર આપશે.

અર્જુને કહ્યું, "ના, ના દરિયો વિકરાળ બન્યો નહોતો કે નહોતો તે દ્વારિકાને ગળી ગયો; ના તો કોઈ શાસનકર્તાએ તે નગર પર લશ્કરી ચડાઈ કરી. યાદવોના પોતાનામાં જ રહેલી દૃષ્ટતા અને અધમતાએ તેમને હિંસકતાની હદે પાગલ બનાવી દીધા હતા. તેમના ઝઘડા, કજીયા કંકાશે ઉશ્કેરાટથી, બેહદ ધૃણાથી તેઓ એક-બીજાને શસ્ત્રો વડે કાપવા લાગેલા." ધર્મરાજાએ પૂછ્યું, "અર્જુન, ત્યાં કોઈ તેમને વશીભૂત કરે તેવી તાકાતે, યાદવ વંશને, યુવાનો અને વૃદ્ધોને પોતાની જાતનું બલિદાન આપવા, આ સામૂહિક હત્યા કે નાશ માટે પ્રેરિત કર્યા હશે. કારણ વગર આવી અસર કે આવો પ્રભાવ પડે નહીં, ખરું કે નહીં?" અને હકિકતમાં કઈ વસ્તુ આ કત્લેઆમ તરફ તેઓને દોરી ગઈ તે અંગે નાનામાં નાની વિગતો સાંભળવા માટે પ્રતીક્ષા કરવા લાગ્યા.

વારંવાર દુઃખના ઉભરાં આવતા હતા તેને નિયંત્રિત કરવા માટે અર્જુન થોડીવાર થોભ્યો અને ત્યાર બાદ પ્રસંગોનું વિવરણ તેણે શરૂ કર્યું. બીજા ત્રણે ભાઈઓ નજીક આવ્યા અને કરૂણ કહાની સાંભળવા લાગ્યા. "તે દિવસે મને જાણવા મળ્યું કે નાનામાં નાની ઘટના પણ વાસુદેવની ઈચ્છા વગર ઘટીત થતી નહીં. મને આ બાબતની પૂરતી ખાતરી થયેલી. તે (કૃષ્ણ) કઠપૂતળીઓની હલન-ચલન માટે દોરી ખેંચનાર સુત્રધારી છે. તેમના પાત્રો ભજવવા ક્રિયાન્વિત કરનાર છે. પરંતુ તે પોતે પોતાની જાતને પ્રેક્ષકો વચ્ચે બેસાડી દે છે અને એવો દંભ કરે છે જાણે નાટકની કોઈ વાર્તા કે પાત્રો વિશે તેમને કશી જાણ જ નથી. તેમની દોરવણી વિના પાત્રો ટપકાંભર ચલિત થઈ શકતા નથી. તેમની ઈચ્છા કે સંકલ્પ દ્વારા માર્ગદર્શન આપે છે. અને તેઓની દરેક ચેષ્ઠા, હાવ-ભાવ, હલન-ચલન નિર્ણાયક બને છે. જુદી જુદી સંવેદનાઓ વડે મંચ પરના પ્રસંગો દ્વારા નાટક જાતે જ ખૂલે છે, લોકો જૂએ છે અને તેમના હૃદયો પ્રભાવિત બને છે પરંતુ સુત્રધારીના હૃદયમાં કોઈ ચિંતા કે ચળભળાટ ઉત્પન્ન થતો નથી. શ્રીકૃષ્ણજ નક્કી કરે છે,

આ વ્યક્તિએ શું કહેવું જોઈએ અથવા તે વ્યક્તિએ શું કરવું જોઈએ. તેઓને યોગ્ય શબ્દો તેમજ કાર્યોમાં ઉત્તેજિત કરે છે. કર્મોની પરંપરા ભજવાય છે. જન્મથી વારસામાં મળેલા કર્મો સાથે અગાઉના જન્મોના કર્મોનો સમૂહ તેમના ભાગ્ય સાથે જોડાય છે. યાદવો, જે આપણા પોતાના સગા-સંબંધીઓ છે, તેઓ ખૂબ જ ધાર્મિક વ્યક્તિઓ હતા. પ્રભુ પ્રત્યે ભક્તિ-ભાવથી ભરેલા હતા. તે બધી વાત તમે સારી રીતે જાણો છો. કદાચ કોઈ એક દિવસે, કોઈ ઋષિએ તેમને શ્રાપ આપેલો હતો, અથવા કોઈ એક દિવસે તેમના દ્વારા કોઈ ભયંકર પાપ કરવામાં આવેલું હોય. તેથી જ તેમના જીવનમાં આવી અણધારેલી ઘટના કે અનપેક્ષિત કરૂણાંતિકા સર્જાઈ તે આપણે કેવી રીતે સમજી શકીએ?.

તેઓએ પ્રભાસ ક્ષેત્રમાં એક ભવ્ય યજ્ઞ કર્યો હતો. પૂરા સાત દિવસ આ યજ્ઞ ભવ્યતાથી, ઉત્કૃષ્ટ વિધિ-વિધાન પૂર્વક યોજાયેલો. ભગવાન શ્રી કૃષ્ણની હાજરીમાં સાચી વૈદિક રીતે પવિત્ર અગ્નિમાં આહુતિઓ હોમાયેલી. ભાગ લેનારાઓ અને પૂજારીઓ પવિત્ર જળમાં વિધિસરના સ્નાન માટે ગયેલા. ત્યાર બાદ બ્રાહ્મણો/ભૂદેવોને યજ્ઞનો ભાગ અર્પિત કરવામાં આવેલ અને તેમણે યાદવોમાં તે વહેંચી આપેલ. પૂર્ણ શાંતિ, સંતોષ અને આનંદ સાથે બધી વસ્તુ પૂર્ણ થઈ હતી.

બપોરે બ્રહ્મભોજન પીરસાયેલું તે પછી, લાંબી લાંબી હારમાળાઓમાં મિજબાની માટે યાદવો ગોઠવાયેલા. તે મિજબાની દરમ્યાન કમનસીબે, કેટલાંક યાદવો મદ્યપાન કરીને આવેલા અને તેમણે સ્વયંપર કાબુ એટલી હદે ગુમાવ્યો કે પોતાના જ સગા-સ્નેહીજનોને શત્રુ માનવાની ભૂલ કરી બેઠા. શરૂઆત નાના ઝઘડાથી થઈ અને ઉશ્કેરાટમાં તીવ્ર ઝનૂની લડાઈમાં રૂપાંતર પામી. તે ભગવાનની યોજનામાં જ હશે, કારણ કે માણસ ગમે તેટલો ઉદ્ધત અને અધમ હોય તો પણ પોતાના જ હાથે, પોતાના બાળકો અને માતા-પિતાની કત્લેઆમ કરે નહીં. ઓહ ! તેવું ખતરનાક હતુ ! તે સાધારણ વેરવીખેર ટોળાની અંધાધુંધ લડાઈમાં પુત્રે પિતાની હત્યા કરી, પિતાએ પુત્રોને હણી નાંખ્યો, ભાઈએ ભાઈને કાપીનાંખ્યો, જમાઈએ સસરાને મારી નાંખ્યા, સસરાએ જમાઈને માર્યો. આ બુદ્ધિહીન આંધળી નફરત કે તીવ્ર ધૃણાવાળી લડાઈ એટલે સુધી ચાલી કે કોઈ જીવતું રહ્યું નહીં."

અર્જુન આથી વધારે બોલી શક્યો નહીં, તે દિવાલને અડીને ઉભો હતો. દુઃખ અને દર્દથી હારી જતા પોતાની બન્ને હથેળીઓ દ્વારા દબાણ ઉભું કરી માથાને પકડી રાખેલું. ધર્મરાજાએ વ્યગ્રતા અને આશ્ચર્ય સાથે આ વર્ણન સાંભળ્યું. તેમણે અર્જુનની પીઠ પર હાથ મૂકીને કહ્યું, "આ તું શું કહી રહ્યો છે? આ તો એક ના માની શકાય તેવી વાત છે. જો કે તારી જીભેથી ક્યારેય અસત્યનો ઉચ્ચાર થયો નથી, તે કારણે તેની સચ્ચાઈમાં વિશ્વાસ મૂકવા માટે હું મજબૂર બનું છું. નહીં તો પાત્રોમાં અચાનક આવો બદલાવ અને આવી વિદ્યુતવેગી કત્લેઆમ થાય તે આપણે કેવી રીતે કલ્પી શકીએ? મેં ક્યારેય બીજે ક્યાંય પણ યાદવ વંશ જેવી પારસ્પારિક મિત્રતાની મજબૂતાઈ જોઈ કે સાંભળી નથી. મોટા ભાગના કટ્ટર, વિકટ પ્રસંગોમાં પણ તેઓ એક બાજુ ખસતા કે વળતા નહીં. આવા લોકો ભગવાનની ઉપસ્થિતિમાં સારી વર્તણૂકના નિયમો તરફ ધ્યાન આપ્યા વિના એક-બીજાને મૃત્યુ સુધી મારે, તે ખરેખર વિચિત્ર છે. ઘટનાઓ કે પ્રસંગોમાં આવો વળાંક ત્યારે જ આવે, જ્યારે દુનિયાનો અંત નજદીક હોય. "વારુ, અર્જુન ! શું કૃષ્ણ લડાઈ અટકાવી શક્યા નહીં? શું તે તેઓને તેવું કરતાં ન રોકી શક્યા? શું તેમણે જુદા જુદા વિભાજનો વચ્ચે સમાધાન કરાવવાનો પ્રયત્ન કરેલો? યુદ્ધ અને શાંતિની કળાઓમાં કૃષ્ણ સૌથી વધારે નિપૂણ છે, ખરું કે નહીં? મતલબ કે તેમણે આ કરુણાંતિકાને અટકાવવા પ્રયત્ન જ ન કર્યો, તેનાથી પણ મને વધારે નવાઈ લાગે છે, આ ભયાનક વિનાશ સાંભળીને."

ધર્મરાજા ગમગીન, ઉદાસીનતામા ખોવાઈ ગયા.

તેમણે પોતાની મુઠ્ઠી વાળેલા હાથ પર મસ્તક ટેકવ્યું અને બીજો હાથ ઢીંચણ પર રાખીને બેઠા, તેમના નેત્રો આંસુથી ભરેલા હતા, જે સતત તેમના ગાલ પરથી ટપકી રહ્યાં હતા. અર્જુને આશ્વાસનના કેટલાક શબ્દો બોલવા માટે પ્રયત્ન કર્યો. "મહારાજ! તમે તો કૃષ્ણની કિર્તી અને કૃપાથી સુજાણ અને સચેત છો છતાંયે તમે પ્રશ્નો પૂછો છો અને શંકાઓમાં મગ્ન છો કે તેમણે આ કે પેલું કર્યું કે નહીં. તેના પ્રત્યુત્તરમાં હું શું કહી શકું? યાદવોનું ભાગ્ય આપણા પોતાના વંશ જેવું જ છે. શું આપણે અને કૌરવો ભાઈઓ નહોતા? આપણાં પણ સગા-સંબંધીઓ જેઓ બન્ને પક્ષે શુભેચ્છકો હતાં અને આ જ શ્યામસુંદર આપણી પાસે, આપણી વચ્ચે હતાં, આમ છતાં આપણે કુરુક્ષેત્રના યુદ્ધમાંથી પસાર થવું પડ્યું. તેમણે જો એવું ધાર્યું હોત તો યુદ્ધ થયું જ નહોત. તે શું આપણે નથી જાણતા? ચાલીસ લાખ યોદ્ધાઓ રણભૂમિ પર મૃત્યુ પામ્યા, તે વખતે આપણે તેઓને ગુમાવ્યા નહોત, ખરું કે નહીં ? આટલી કત્લેઆમ કર્યા પછી ક્યારેય આભૂમિ પર શાસન કરવા માટે આપણે ઈચ્છા રાખેલી? તેમના ત્વરિત હુકમ વિના કશું, ક્યારેય બની શકે નહીં. તેમની ઈચ્છા સામે કાંઇ થઈ શકે નહીં, અથવા તો તેમના આદેશ વિરૂદ્ધ કોઈ વર્તી શકે નહીં.

આ દુનિયા એક રંગમંચ છે. જેના પર એકેએક વ્યક્તિ પોતાનું પાત્ર ભજવે છે, જે દરેકને અપાયેલ છે, અને તેમના દ્વારા અપાયેલા પાત્રને ગૌરવપૂર્વક ભજવે છે, અને તેમની સૂચનાઓનું દરેકે નિષ્ફળતા કે ચૂક્યા વિના પાલન કરવું પડે છે. આપણે એવું વિચારીને કદાચ અભિમાન કરીએ છીએ તે અમે અમારી જાતે કરેલ છે, પરંતુ સત્ય એ છે કે દરેક વસ્તુ એની (પ્રભુની) ઈચ્છા પ્રમાણે જ થાય છે."

જ્યારે અર્જુને સમાપન કર્યું, ત્યારે ધર્મરાજા મોટેથી વિચારી ઉઠ્યા, અર્જુન, ઘણાં હેતુઓ આપણને મહાભારત યુદ્ધમાં ખેંચી ગયા. રાજકીય મોહ અને શાંતિપૂર્ણ સાધનો દ્વારા આપણું રાજ્ય, આપણી પ્રતિષ્ઠા, પદ, જે કાયદેસર રીતે આપણું લેણું હતું, તે પાછું મેળવવા આપણે આપણાથી બનતો સર્વોત્તમ પ્રયત્ન કરેલો. આપણે ઘણા અપમાનો, અગવડતાઓ અને કઢંગી સ્થિતિઓ ધૈર્યપૂર્વક સહન કરી છે. આપણા દેશ નિકાલ વખતે વનમાં ભટકવું પડ્યુ હતું. દૈવી કૃપાથી આપણને મારી નાંખવાના ઘણા બધા કાવત્રાઓથી આપણે બચી ગયેલા. તેઓએ આપણને ઝેર આપવા અને ભયંકર આગમાં બાળી નાંખવા સુધીના પ્રયત્નો કર્યા હતાં. તેઓએ આપણી રાણીનું જાહેરમાં અપમાન કર્યું અને કલંક લગાડવા પ્રયત્ન કરેલો. પદ્ધત્તિસરના દૃષ્ટ વ્યવહાર દ્વારા તેમણે આપણા હૃદય ભાંગી નાંખેલા."

"આમ છતાયે, દરેક જગ્યાએ, લડાઈના ત્રણ મુખ્ય કારણો-જર, જમીન અને જોરુ (ધન, સત્તા અને સત્રી) હોય છે. પરંતુ યાદવોનો દાખલો લ્યો, તેઓને માટે તો આવા નાશવંત સંઘર્ષ માટે, તેમની વચ્ચે એવું કોઈ કારણ જ નહોતું. એવું લાગે છે, જાણે વિધાતા જ માત્ર આવી હિંસક આપત્તિ માટેનું કારણ હોઈ શકે.

યાદવો તો સમૃદ્ધિમાં આળોટતા હતા. તેમને માટે ધન/સોનું, ધાન્ય/અનાજની કોઈ અછત નહોતી અને તેમની પત્નિઓ? તેઓ તો સદગુણોની પ્રતિમા સમાન, વફાદાર અને સમર્પિત. તેમના પતિઓની ઈચ્છાનો કે આદેશનો ક્યારેય તેઓ અનાદર કરતા નહોતા. કોઈ પણ સ્થળે, તેમના ધણીઓ માટે તેઓ ક્યારેય અપમાન કે અગવડતા લાવનારી નહોતી. તો પછી વિભાજનનો અને આંતર વિભાજિત જુથોનો સંઘર્ષ તેઓના મસ્તકોમાં એકાએક કેવી રીતે ઉદભવ્યો?

અર્જુને પ્રત્યુત્તર આપ્યો, "મારા પ્રિય ભાઈ ! આપણે માત્ર બાહ્ય સંજોગો નિહાળીએ છીએ, જે પ્રક્રિયા આખરી ઘટનામાં પરિણમે છે અને આપણા અજ્ઞાનને લીધે આપણે એવું નક્કી કરીએ છીએ કે આ આ કારણોને લીધે આવા પરિણામો કે આવી અસરો પ્રાપ્ત થઈ. જે બનાવો કે પ્રસંગો બન્યા, તેના પરથી આપણી સંવેદનાઓ કે લાગણીઓ-સ્વભાવ વિશે અંદાજો લગાવીએ છીએ કે માપ કાઢીએ છીએ પરંતુ સંજોગો કે

ઘટનાઓ, આપણી સંવેદનાઓ કે લાગણીઓ મારા પ્રભુના હાથમાં તો માત્ર હથિયાર છે, જે તેમની ઈચ્છા કે હેતુ પાર પાડવા માટે હોય છે. જ્યારે જે ક્ષણ આવે છે ત્યારે તે પોતાની યોજનાઓમાં તેમનો ઉપયોગ કરે છે, અને તેમની ઈચ્છા મુજબ લડાઈ બહાર આવે છે. સમય અથવા કાળનું તે મૂર્તિમંત સ્વરૂપ છે. તે સમયના સ્વામિ તરીકે તેમના નાટકના વિષય-વસ્તુને કેટલાંક પરાકાષ્ટાવાળા ભાગો દ્વારા નાટકને આખરી ઓપ આપે છે. જે વસ્તુ જન્મનું કારણ બને છે, તે વસ્તુ મૃત્યુનું પણ કારણ બને છે. તે બન્ને માટે એક જ કક્ષામાં કારણ શોધી કાઢે છે. આપણો શા માટે જન્મ થયો હતો તે જાણવા શું આપણે પ્રયત્ન કરીએ છીએ? કે પછી મૃત્યુ શા માટે થાય છે તે શોધવા માટે પ્રયત્ન કરીએ છીએ? જન્મ કે મૃત્યુ થયું તેટલું પૂરતું છે, કારણ શોધવું એ અનાવશ્યક બાબત છે. તે સજીવોને સર્જવા સજીવોને ઉત્પન્ન કરે છે અને સજીવોનો અંત લાવવા સજીવોને જ ઉત્પન્ન કરે છે. શરીરો જન્મે છે. શરીરો જ મૃત્યુ પામે છે. જન્મ કે મૃત્યુ વખતે વધારે કાંઈ ગંભીર હોતું નથી. આ વસ્તુ આપણને વાસુદેવ દ્વારા ઘણી વખત શીખવવામાં આવેલી છે તો પછી શા માટે આપણે શંકા કરવી જોઈએ અથવા અડગ હિમ્મતથી ચલિત થવું જોઈએ. તેમણે આપણને આ વસ્તુ આપવા ઝંખના કરેલી. તમો કદાચ કહો કે તે માત્ર તે જ નથી જેણે આપણને જન્મ ધારણ કરવા માટે ઉત્પન્ન કર્યા અને તે જ વ્યક્તિ આપણને મારી નાંખે છે. જન્મ અને મરણ બન્ને વચ્ચે માણસ પાસે પાપ અને પુણ્ય, ગુણ અને દુર્ગુણ કમાવા માટે થોડીક શક્તિ હોય છે, અને ઘટનાઓના માર્ગ પર તેનો થોડોક પ્રભાવ પણ હોય છે. આ મર્યાદાઓમાં ઈશ્વર જન્મ, મરણ અને જીવ વડે જ ફુટબોલની રમત રમે છે.

જીવન અને મરણ એ બે ઊંચી ભેખડોની વચ્ચે જીવનરૂપી નદી વહે છે. આત્મશક્તિરૂપી સેતુ દ્વારા તિરાડો પુરવામાં આવે છે અને જેમણે આ શક્તિ અને શ્રદ્ધા વિકસાવેલ હોય, તેમના માટે કાંઈ ચિંતાનો વિષય બનતો નથી. આત્મશક્તિ વડે જ પોતાની સ્વયંની સલામતીનો આધાર બને છે અને તેનાથી તેઓ બીજા કિનારે પહોંચી શકે છે. હે રાજન્ ! આ બધું કાંઈ નથી, પરંતુ તે એક કુશળ દિગ્દર્શક/સુત્રધાર દ્વારા થતો કઠપુતળીઓનો ખેલ (પપેટ શો) માત્ર છે, આજે યાદવો અને ગઈ કાલના કૌરવો પાસે તેમના પોતાના અંગત કોઈ વ્યક્તિત્વો નથી. તેથી બેમાંથી કોઈને પણ દોષિત ઠેરવવા યોગ્ય નથી.

શું આ ભૌતિક શરીર જે પંચતત્વો (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ)થી બનેલ છે, તે તેની પ્રેરણા વિના હાલી-ચાલી શકે કે કોઈ કાર્ય કરી શકે? ના, તેમનો તે આનંદ-પ્રમોદ છે કે બીજા કોઈ એક દ્વારા એકનો જન્મ લેવો, અને બીજા કોઈ એક દ્વારા તે એકનું મૃત્યુ થવું. નહિતર એક તથ્ય જેમાં ઈંડા મૂકતી સર્પિણી/નાગણ બચ્ચાઓને બહાર લાવવા હુંફ આપતી હોય અને ત્યાર બાદ તેના જ બચ્ચાઓને ખાઈ જતી હોય, તે તમે કેવી રીતે સમજાવી શકો? અને જે બચ્ચાઓ માટે સમય મર્યાદા પૂરી થઈ ગઈ હોય, તેને જ ખાઈ જતી હોય છે. તેથી એવું કહી શકાય કે દરેકે દરેક નાગણ બચ્ચાને ખાતી નથી. માછલી પાણીમાં જીવે છે, તે જાળમાં ફસાય છે માત્ર તેમનો નિયત સમય આવે છે ત્યારે જ શા માટે નાની માછલીઓ, મોટી માછલીઓ દ્વારા ખવાઈ જાય છે અને તેમના વારા પ્રમાણે જ મોટી માછલીઓ, નાની માછલીઓને ગળી જતી હોય છે. આ તેમનો કાનૂન/કાયદો છે. સર્પ દેડકાને ખાય છે, મોર સર્પને ખાય છે આ તેમની જ લીલા છે. આ માટેના કારણોની તપાસ કોણ કરી શકે? સત્ય તો તે છે કે દરેક પ્રસંગ/ઘટના આ બાળગોપાલનો નિર્ણય હોય છે.

આપણે તેમની લીલા કે રમતનું રહસ્ય પામી શક્તા નથી. આપણે તે સમજવા માટે નિષ્ફળ છીએ. હવે આ નિષ્ફળતા પર ચિંતા કરવાથી કોઈ લાભ નથી. તેમના તે ભ્રામક માનવીય સ્વરૂપ વડે આપણી જોડે હરતા-ફરતા, આપણી સાથે ભળી ગયેલા. આપણી સાથે જમતા અને વર્તન એવું કરતા જાણે આપણા ખરા સગા-સ્નેહી, શુભેચ્છક, મિત્ર કે માર્ગદર્શક તે જ

છે. અને આપણને ઘણી બધી પડકારરૂપ, આપણને વ્યાકુળ કે અસ્વસ્થ બનાવી દેતી આફતોમાંથી બચાવેલા. તેમણે તેમની દિવ્ય કૃપા આપણા પર વરસાવેલી અને કઠિનમાં કઠિન સમસ્યાઓ, જેનો ઉકેલ શોધી ન શકાય, તેમાં સરળ માર્ગ દર્શાવેલ. આ બધો જ સમય આપણા માટે તે ખૂબ જ નજીક અને પ્રિય હતા. આપણે ગર્વમાં રાચતા હતાં કે આપણા પર તેમની કૃપા હતી. આપણે આપણી જાતને સર્વોત્તમ આનંદથી ભરી દેવાનો પ્રયત્ન ન કર્યો. આપણે તેમની પાસેથી માત્ર બાહ્ય વિજય અને કામ ચલાઉ લાભ શોધતા રહ્યાં. આપણે એ વિશાળ ખજાનાની અવગણના કરી, જેના દ્વારા આપણે હૃદયને ભરી લીધા હોત. આપણે તેમની સાચી વાસ્તવિકતા અંગે ચિંતન ન કર્યું.

તેમણે આપણું, તેમના જ પાંચ પ્રાણ હોઈએ તે રીતે રક્ષણ કર્યું. આપણને સહાયભૂત થવા આગળ આવ્યા અને દરેક કાર્યમાં આગેવાની લીધી, પછી ભલેને કામ ગમે તેટલું નાનું હોય, પણ તેમણે તે આપણા માટે પરિપૂર્ણ કર્યું. ભાઈ ! હું શું કહું? આપણે ઘણીવાર જન્મો ધારણ કરીશું પરંતુ ફરી ક્યારેય તેમના જેવો મિત્ર, સગા 'ને સ્નેહીજન નહીં મળે. મને તેમના તરફથી માતાના પ્રેમ કરતા વધારે ઉત્કટ પ્રેમ પ્રાપ્ત થયો છે, જે કોઈ પણ માતા પોતાના સંતાનને ન આપી શકે.

ઘણા બધા પ્રસંગે પાંડવોનો બોજ જાણે તેમનો પોતાનો હોય, તેમ ઉપાડી લીધેલો, અને આપણને ચિંતા મુક્ત કરેલા. માત્ર થોડીક ક્ષણોમાં તે યોજના ઘડી કાઢતા અને આખરી સફળતા સુધી આગળ વધારી દેતા. તેમની કૃપા, દયાની ભેટને કારણે આપણે પાંડવો આ દુનિયામાં આજ દિવસ સુધી જીવંત રહ્યા છીએ.

શા માટે આપણે હજાર વસ્તુઓનું અલગ અલગ રીતે પુનરાવર્તન કરીએ છીએ? આ નસો કે રગોમાં વહેતું રૂધિરનું દરેક ટીપું તેમની કૃપા-વર્ષાનું ટીપું છે. દરેક સ્નાયુ, હાડકાના સાંધા તેમના જ પ્રેમના ગઠ્ઠા છે. અને તેમની દયાના ટૂકડા છે. આ રહસ્યને સમજવામાં અશક્તિમાન એવા આપણે અક્કડતાથી બણગાં મારીએ છીએ, "મેં આ પ્રાપ્ત કયું અને મે આ સિદ્ધ કર્યું.' હવે આપણા માટે તે સ્પષ્ટ થઈ ગયું છે કે તેમના વિના આપણે માત્ર ચામડાની એક કોથળી કે થેલી છીએ.

અલબત, બધાજ માણસોનું ભાગ્ય એ જ છે. લોકો ભૂલી જાય છે કે સર્વ શક્તિશાળી શાસક, સર્વજ્ઞ, એવા ઈશ્વર તેમના વડે જ કઠપૂતળી/રમકડાની રકમ રમે છે. લોકો એવું માની લે છે કે તેઓ જ ખરા, વાસ્તવિક કર્તા (ક્રિયાના કરનારા) અને આનંદ માણનારા છે પરંતુ પાયાના સત્યથી અજ્ઞાની રહી, મારી માફક ડુબી જાય છે. જ્યારે આપણે પોતે, જેમની કીર્તિ દૂર દૂર સુધી ફેલાયેલી છે એવા વીર નાયકો અને યોદ્ધાઓ આવી ઉદાસીન દશામાં છીએ ત્યારે સામાન્યજનો જેમને જ્ઞાની થવાની કોઈ તક જ મળતી નથી, તેમના વિશે શું કહી શકીએ?

આ માટે મને દુઃખદ અનુભવ મારા દ્વારિકાથી પાછા ફરતા માર્ગમાં થયો તે તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે." આવું કહીને અર્જુન તેની પાછળ રહેલા આસન પર ફસડાઈ પડ્યો કારણ કે પોતાના જીવનના આધાર અને માર્ગદર્શક એવા કૃષ્ણનો વિયોગ તે સહન કરી શક્યો નહીં.

આ એક જ જીવનનો અનુભવ તમને એ દર્શાવવા માટે પૂરતો થઈ પડશે કે કોઈ પણ આનંદ (સુખ) –દુઃખના મિશ્રણ વિના હોતો નથી. બીજુ એ કે સુખ અને દુઃખ બન્ને ક્ષણજીવી છે તે બન્ને મન અને તેના સંયમ ઉપર આધાર રાખે છે. તમારે સ્પષ્ટ વાસ્તવિકતા જાણવા માટે શ્રેણીબધ્ધ જીવનોના અનુભવની જરૂર નથી. આ જગત તમને બંધનમાં રાખે છે' અને તે એક કેદખાનું છે, જેમાંથી તમારે મુક્ત થવું જ જોઈએ, છૂટવું જ જોઈએ. તમારે અહીં ફરી ફરીને પાછા આવવાનું વિચારવું જ ન જોઈએ.

**-ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**

# પ્રશાંતિ નિલયમ ખાતે ગુરૂપૂર્ણિમા

ગુરુપૂર્ણિમા ઉત્સવ દરમ્યાન, દુનિયાના લાખો ભક્તોના શ્રધ્ધેય સદગુરુ ભગવાનશ્રી સત્ય સાઈબાબાને સમૃદ્ધ પ્રેમ અને શ્રદ્ધા સાથે ભાવાંજલિ આપવામાં આવી જેની ઉજવણી પ્રશાંતિ નિલયમ ખાતે તાઃ૧૪ જુલાઈ ૨૦૨૧ ના રોજ કરવામાં આવી.

કાર્યક્રમની શરૂઆત સવારે ૮.૦૦ કલાકે નિયમિત વેદગાન સાથે થઈ. સવારે ૮.૨૫ કલાકે પવિત્ર ગુરુપૂર્ણિમાના કાર્યક્રમની શરૂઆત થઈ, ગુરુ સ્ત્રોત સાથે. "અખંડ મંડલાકારમ્ વ્યાપ્તમ્ યેન ચરાચરમ્ તતપદમ્ દર્શિતમ્ યેન તસ્મૈય શ્રી ગુરુવે નમઃ'' (એ સદગુરુના ચરણોમાં નમસ્કાર જે ઈશ્વરની ઝાંખી કરાવે છે) તે પછી શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નાગાનંદે આસ્થા સાથે શૃંગારિત સાઈ કુલવંત હોલ ખાતે ભેગા થયેલા ભક્તોને સંબોધન કર્યું. તેઓએ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાનો ઉલ્લેખ જગદગુરુ તરીકે કર્યો. આધ્યાત્મિક ઉત્ક્રાંતિના ચાર ચરણના પ્રકાશ પર ભાર મૂકતા જણાવ્યું. આ ચાર ચરણ એટલે સાલોક્ય (મન-મગજથી જાગૃત અને સજ્જ થવું), સામિપ્ય (ઈશ્વર સમીપ હોવું), સારૂપ્ય (સ્વરુપનું અસ્તિત્વ હોવું), સાયુજ્ય (ઈશ્વરમાં એકરૂપ થઈ જવું). આ ચાર ચરણ વિશે પ્રત્યેક ભક્તને ભારપૂર્વક વિનંતી કરી કે અંતિમ ચરણ ઈશ્વરમાં એકરૂપ થવા, ત્યાં પહોંચવા નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન કરવો.

**<u>શ્રી સત્ય સાઈ વૈશ્વિક પરિષદ.</u>**

તે પછી શ્રી નાગાનંદે શ્રી સત્ય સાઈ ગ્લોબલ કાઉન્સિલના ઉમદા હેતુઓ અને સિદ્ધાંતો વિશે જણાવતા કહ્યું કે આ પરિષદ આ પવિત્ર દિવસથી જ કાર્યરત થશે અને ભારત સહિત વિશ્વના તમામ દેશોના સાઈ સંગઠનોની પ્રવૃત્તિઓનું એકીકરણ તથા તેની દેખરેખ રાખશે. વિશ્વ અને ભારતનું આ વૈશ્વિક પરિષદની સ્થાપના, તેનું હાર્દ, તેની ક્ષેત્રિય શક્યતા માટે પણ અત્યંત જરૂરી બની રહે છે. યુ.એન.ઓ. (યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન) શ્રી સત્ય સાઈ સેવા સંગઠનનો હેતુ દુનિયાના સર્વ સાઈ સંગઠનોએ એકજૂટ થઈ બાબાના મહાન કાર્યોને માનવ સેવાના હેતુસર આગળ ધપાવવા અને લક્ષ્ય પ્રાપ્તિ માટે કાર્યરત રહેવા જણાવ્યું.

શ્રી સત્ય સાઈ ગ્લોબલ કાઉન્સિલના પ્રમુખ એવા શ્રી કે.ચક્રવર્તિએ તે પછી સ્વાગત સંબોધન કર્યું. ગ્લોબલ કાઉન્સિલને પ્રતિનિધિત્વ આપતા જણાવ્યું કે ભારતીય મહાન વિચાર "વસુધૈવ કુટુંબકમ્" (વિશ્વ એક કુટુંબ) તરીકેનો પ્રચાર અને પ્રસાર માટે આ સંગઠન વિશેષ કાર્ય કરી શકશે. જે ભક્તો સાઈ કાર્ય અને સેવાને આગળ વધારવા તથા મજબૂત બનાવવામાં કાર્યરત છે તેઓ માટે ગ્લોબલ કાઉન્સિલ દિવ્ય મંચ બની રહેશે. તેમણે દુનિયાના તમામ સાઈ ભક્તોને આહવાન કર્યું કે આ મહાન કાર્યમાં તેઓ સૌ જોડાય અને આ ઐતિહાસિક ચળવળમાં ભાગ લઈ સમસ્ત માનવજાતના ઉત્કર્ષ માટે પોતાનું યોગદાન આપે.

શ્રી સત્ય સાઈ ગ્લોબલ કાઉન્સિલને ભગવાન શ્રી સત્ય સાઈબાબાના ચરણકમળમાં અર્પણ કરવામાં આવી. જેમાં સાઈ સંગઠનના વરિષ્ઠ હોદ્દેદારો જેમાં શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના સભ્યો અને શ્રી સત્ય સાઈ સેવા સંગઠનના ઓલ ઈન્ડીયા પ્રેસીડન્ટશ્રીએ આ કાર્યક્રમમાં ભાગ લીધો.

શ્રી નિમિષ પંડ્યા SSSGC ના ઉપ પ્રમુખે તે પછી જાહેરાત કરી કે શ્રી સત્ય સાઈ સેવા સંગઠન ગ્લોબલ કાઉન્સિલ સાથે જોડાતા ખુશી અનુભવે છે અને ભારત સહિત દુનિયાના તમામ સાઈ કેન્દ્રોને ગ્લોબલ કાઉન્સિલ સાથે જોડાવા હાકલ કરી અને આ ગ્લોબલ કાઉન્સિલને વિશાળ સાઈ પરિવાર બનાવવા જણાવ્યું. તેમણે આગળ જણાવ્યું કે,

સમગ્ર સાઈ પરિવારનુંએક જ ધ્યેય છે – તે છે એકતા. આ જ માત્ર યોગ્ય છે. તેમણે પોતાના સંભાષણમાં જણાવ્યું કે પ્રશાંતિ નિલયમ કે જે ભગવાનનું દિવ્ય સ્થાન છે એ જ શ્રી સત્ય સાઈ ગ્લોબલ કાઉન્સિલનું મુખ્ય મથક હોવું જોઈએ.

તે પછી વૈશ્વિક એકતાના સિદ્ધાંતને દર્શાવતો વિડિયો રજૂ કરવામાં આવ્યો જેમાં મુખ્યત્વે ભગવાનનો બોધ "જ્યાં જ્યાં એકતા અને પવિત્રતા છે ત્યાં ત્યાં દિવ્યતાના દર્શન થાય છે" રજૂ કરવામાં આવ્યો.

**<u>આત્મિય સંગીત સમર્પણ.</u>**

પ્રશાંતિ મંદિર ભજન ગૃપ દ્વારા તે પછી, સંગીતનો ગુલદસ્તો (ગુરુ વંદના-ગુરુની પૂજા) ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના ચરણ કમળમાં સમર્પિત કરવામાં આવી. કાર્યક્રમ મધુર સંગીત અને ભક્તિથી વિશિષ્ટ બન્યો જેમાં કેટલીક સંગીત રચનાઓ હૃદયને ઝંકૃત કરે તેવી હતી. જેમાંની કેટલીક આ પ્રમાણે હતી - "સાઈ તુમ હમારે પ્રાણ હો". સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમલતો ની નિત્ય જીવન યાત્રા સગીંચુ (તમારી જીવન યાત્રા તમારી જીંદગી અને સત્ય, ધર્મ, શાંતિ પ્રેમને અનુબંધિત હોય), "જય ગુરુદેવા-જય નારાયણા".

ત્યાર બાદ ભજન અને આરતી દ્વારા સવારના કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.

**<u>ભગવાનનો ગુરુપૂર્ણિમા પરનો સંદેશ.</u>**

સાંજનો કાર્યક્રમ ૫.૨૫ કલાકે શરૂ થયો. નિયમિત રૂપે થતાં વેદ ગાન બાદ સાંજના કાર્યક્રમની પ્રથમ શરૂઆત અને રજૂઆત શ્રી સત્ય સાઈ વિદ્યા વાહિની દ્વારા વિશિષ્ટ રીતે થઈ જેમાં ભણતરને લગતા નવિન ઉપકરણો પ્રસ્તુત કરવામાં આવ્યા. જેમાનું એક હતું SAIN IN App જેનો મુખ્ય હેતુ યુવાનો અને શિક્ષકોને મદદરૂપ થવાનો હતો. બન્ને ગ્રામ્ય વિસ્તાર તથા અર્ધશહેરી વિસ્તારોના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મદદરૂપ થવા સારુ ખાસ કરીને અંગ્રેજી ભાષામાં નિષ્ણાંત થવા સારુ (અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવવા માટે) બીજુ ઉપકરણ જેમાં શ્રી સત્ય સાઈ વિદ્યા વાહિનીના વિષય-વસ્તુનો સમાવેશ થતો હતો.

ત્યાર બાદ ભગવાનનું દિવ્ય પ્રવચન જે ગુરુપૂર્ણિમાનો અર્થ અને હાર્દ સમજાવતું હતું ભગવાન ગુરુપૂર્ણિમા વિશે કહે છે કે આ એક એવી સ્થિતિ છે જે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનના પ્રકાશથી પૂર્ણ સ્વરૂપે ઝગમગી ઉઠે. ગુરુની વિશિષ્ટતા અને સદગુણો જણાવતા ભગવાન કહે છે કે આ જ્ઞાન અને અનુભવનું વિશિષ્ટ જોડાણ છે જે તેમને સાચા અર્થમાં ગુરુ બનાવે છે. જે તેમના શિષ્યોને માર્ગદર્શન તથા નિર્દેશન કરે છે અને તેમની આધ્યાત્મિક યાત્રાને ઈશ્વરના સાક્ષાત્કાર સુધીની લક્ષ્ય પ્રાપ્તિ કરાવે છે.

**<u>પ્રશાંતિ મંદિર ભજનગૃપ દ્વારા સંગીતનો અદભૂત કાર્યક્રમ.</u>**

આ પછી આ પવિત્ર ઉત્સવને અનુરૂપ સંગીતનો કાર્યક્રમ ભગવાનને સમર્પિત કરવામાં આવ્યો, તેની રજૂઆત પ્રશાંતિ મંદિરના ભજન ગૃપ દ્વારા કરવામાં આવી. આ એવો હૃદયને ઝંકૃત કરે તેવો સંગીતનો કાર્યક્રમ હતો જેની સ્વર રચનાઓ "સાઈ નામ સ્મરણમ્ સાઈ રૂપ ધ્યાનમ્". "અભય હસ્તમુ સાઈ અભય હસ્તમુ". (આપના અભય હસ્તના આશીર્વાદ). "ઓ મેરે સાઈ બાબા તેરા હમ નામ લેંગે" ભજન ચાલુ રહ્યાં. એક પુસ્તક "મારા વ્હાલા સ્વામી" નું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તક શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર લર્નીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા લખવામાં આવેલું. જેઓનું નામ શ્રી કાદ્દુ બાલાસુબ્રમણ્યમ્ પરશુરામન છે. ગુરુને સમર્પિત ભજનો બાદ આરતી થઈને ગુરુપૂર્ણિમા ઉજવણીની પૂર્ણાહુતિ થઈ.

BHAGAWAN SRI SATHYA SAI BABA

BRINDAVAN WHITEFIELD PHONE : 33

PRASANTHINILAYAM P.O. ANANTHAPUR DT, PHONE : 70

Raja! Accept my Love and Blessings
I received your sweet letter. How are you Raja?
Be happy. Don't worry. Sai is always with you.

Renunciation is the power of battling against evil forces and holding the mind in check. It is Truth and Truth alone that is one's real friend, relative, self (Atma). Abide by Truth, tread the path of righteousness and not a hair of your body will ever be injured.
You are not to be perfect: You are that already. Nature is like that screen which is hiding the reality beyond. Every good thought that you think or act upon is simply tearing the veil as it were, and the purity, the infinity the God behind manifests itself more and more.
Raja! Once you come, must come to summer class in May (20.5.78) to (20.6.78). (with Love)
— Baba —

Dear Raja! How are you? How is your health? Don't worry! Swami is always with you, in you, around you. Be happy. with Love and Blessings
Baba



# ભગવાન શ્રી સત્ય સાઈબાબા

**બ્રિન્દાવન, વ્હાઈટફિલ્ડ, ફોન નં.33**

**પ્રશાંતિનિલયમ પો.ઓ., અનંતપૂર જિલ્લો. ફોન નં.- 30**

રાજા ! મારા પ્રેમ અને આશીર્વાદ સ્વીકારો.

તમારો પત્ર મળ્યો. તમે કેમ છો રાજા? ખુશ રહો. ચિંતા ન કરશો. સાઈ, હંમેશા તમારી સાથે જ છે.

અનિષ્ટ તત્વોની સામે લડવા માટે તેમજ મનને નિયંત્રણમાં રાખવા માટે 'ત્યાગ' એ જ એક તાકતવર સાધન છે. સત્યને માત્ર સત્યજ - તમારો સાચો મિત્ર, સગો અને સ્વ (આત્મા) છે. સત્યને વળગી રહો અને સત્યાચરણ (સદાચરણ)ને માર્ગે ચાલો અને તમે જોજો કે તમારા શરીરના વાળને પણ ઈજા નહીં પહોંચે.

તમારે પરફેક્ટ નથી થાવાનું. તમે તે છો જ. પ્રકૃતિ (સ્વભાવ)એ એક પડદા જેવી છે જે સત્યને-વાસ્તવિકતાને છુપાવી દે છે. દરેક સુંદર (સારો) વિચાર જે તમે વિચારો છો અથવા કોઈ સત્કર્મ કરો છો તે તો માત્ર પડદો ખેંચી લેવા જેવું છે અને પરિણામે પાવિત્ર્ય,-ભગવાનની અનંતતા એ પ્રગટ થઈને જ રહે છે. જેમ વધુ સારૂ વિચારો કે કરો તેમ વધુ ને વધુ પ્રગટે છે.

રાજા ! એક વખત આવો, મે માસની ગ્રીષ્મ શિબિરમાં ચોક્કસ આવો (૨૦.૦૫.૧૯૭૮ થી ૨૦.૬.૧૯૭૮ દરમ્યાન) - **(પ્રેમ પૂર્વક) બાબા.**

પ્રિય રાજા ! તમે કેમ છો? તમારૂ સ્વાસ્થ્ય કેમ છે? ચિંતા કરશોમા ! સ્વામી હંમેશા તમારી સાથે છે, તમારી અંદર છે, તમારી આસપાસ છે. ખુશ રહો.

**- પ્રેમ અને આશિર્વાદ સાથે**
**બાબા**

Publication Date : 20/09/2021

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

સનાતન સારથિ

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023

Place of Posting - Vadodara (H.O.)



## ઈશ્વર માટે તમારૂ હૃદય પ્રેમથી ભરી દો

ભવસાગર તરી જવા માટે, એકમાત્ર ભરોસાપાત્ર તરાપો છે- ઈશ્વર અને માનવ પ્રત્યેનું પ્રેમપૂર્ણ હૃદય. માનવી શ્રેષ્ઠ પ્રારબ્ધ લઈને જન્મ્યો છે અને તે અમૂલ્ય ધરોહરનો વારસ છે. તેણે તેનો સમય/તેનું જીવન નિમ્નકક્ષાની, અસંસ્કરિત પ્રવૃત્તિઓમાં ન બગાડવું જોઈએ અને મિથ્યાભિમાન પણ ન રાખવું જોઈએ. સત્યને જાણવા માટે, ને જીવવા માટે જ તેનું નિર્માણ થયું છે. એક માત્ર સત્ય જ માનવીને મુક્તિ અપાવી શકે છે; આનંદ આપી શકે છે, અને હિંમતવાન બનાવી શકે છે. જો આ ઉમદા હેતુ માટે માનવી પ્રેરિત નહી થાય તો તેનું જીવન વ્યર્થ છે. જીવનરૂપી સમુદ્ર ક્યારેય શાંત નથી હોતો અને તેના મોજાઓ ઉપર સવાર થતા જ ઉછળી પડાય છે અને જીવન નકામું જાય છે.

**-ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૪૬ ૪૯૯૫૩

**મુદ્રક : એલાઇન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.